સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

CURRENT AFFAIRS

# WEEK 21 (22/05/22 to 28/05/22)


સંપાદક

મૌલિક ગોંઢિયા

(Director - ICE)



# ભારતનો ઈતિહાસ

- GPSCની નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ સંપૂર્ણ પરીક્ષાલક્ષી પુસ્તક
- અગાઉની પરીક્ષામાં પૂછાઈ ગયેલા પ્રશ્નોનો ચેપ્ટરવાઈઝ સમાવેશ
- સ્પર્ધાત્મક પરીક્ષામાં પૂછાતા પ્રશ્નોને ધ્યાનમાં રાખીને થયેલો ભારતના ઈતિહાસનો તદ્દન સરળ અભ્યાસ
- મહત્ત્વની માહિતીના રિવિઝન માટે ICE FACT અને CHAPTER FACTનો પ્રયોગ

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને iceonline.in પર ઉપલબ્ધ છે.





JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.


CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**22 MAY-2022**

- દિવસ મહિમા : 22 મે, આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ (International Day for Biologocal Diversity) ........ 02
- GST કાયદા બનાવવા માટે રાજ્યોની સત્તા ........ 02
- આબોહવા પરિવર્તન પર બ્રિક્સની ઉચ્ચ સ્તરીય બેઠક ........ 04
- QUESTION ANSWERS ........ 06

**23 MAY-2022**

- દિવસ મહિમા : 23 મે, વિશ્વ કાચબા દિવસ (World Turtle Day) ........ 07
- બાયોટેક સંશોધકો અને સ્ટાર્ટ-અપ્સ માટે નેશનલ પોર્ટલ 'BioRRAP' લૉન્ચ કર્યુ ........ 07
- કાન્સ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ........ 09
- QUESTION ANSWERS ........ 12

**24 MAY-2022**

- શ્રી રાજારામ મોહનરાય ........ 13
- NDBની 7મી વાર્ષિક બેઠક ........ 14
- ક્વાડ સમિટ (QUAD Leaders Summit) ........ 16
- QUESTION ANSWERS ........ 17

**25 MAY-2022**

- દિવસ મહિમા : 25 મે, વિશ્વ થાઈરોઈડ દિવસ (World Thyroid Day), ગુમ થયેલા બાળકો માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ ........ 18
- ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એગ્રીમેન્ટ (IIA) ........ 18
- શ્રી એન્થોની અલ્બેનીઝ ઓસ્ટ્રેલિયાના નવા વડાપ્રધાન બન્યા ........ 19
- વિશ્વ સ્વાસ્થ્ય સભાનું 75મું સત્ર ........ 19
- આંતર-રાજ્ય પરિષદ (InterVState Council) ........ 21
- શ્રી વિનયકુમાર સક્સેના દિલ્હીના નવા ઉપરાજ્યપાલ બન્યા ........ 23
- QUESTION ANSWERS ........ 24

**26 MAY-2022**

- સુપ્રીમ કોર્ટે એક વ્યવસાય તરીકે સેક્સ વર્કને માન્યતા આપી ........ 25
- પરમ પોરુલ સુપર કમ્પ્યૂટર (PARAM PORUL Super Computer) ........ 26
- કેપ્ટન અભિલાષા બરાક ........ 28
- QUESTION ANSWERS ........ 29

**27 MAY-2022**

- દિવસ મહિમા : 27 મે, શ્રી જવાહરલાલ નહેરુ પુણ્યતિથિ ........ 30
- બોંગોસાગર : ભારત-બાંગ્લાદેશ દ્વિપક્ષીય નૌસેના અભ્યાસ ........ 30
- WEF Travel and Tourism Development Index 2021 ........ 31
- ભારત ડ્રોન મહોત્સવ 2022 ........ 32
- QUESTION ANSWERS ........ 33

**28 MAY-2022**

- દિવસ મહિમા : 28 મે, વિશ્વ ભૂખ દિવસ (World Hunger Day), વિશ્વ ડુગોંગ દિવસ (World Dongong Day), વિશ્વ માસિક ધર્મ સ્વચ્છતા દિવસ ........ 34
- સુશ્રી ગીતાંજલી શ્રીએ વર્ષ 2022નું આંતરરાષ્ટ્રીય બૂકર પ્રાઈઝ જીત્યું ........ 35
- QUESTION ANSWERS ........ 37

**ONE LINER** ........ 38

**QUESTION OF THIS WEEK** ........ 44


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 22 મે, આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ (International Day for Biological Diversity)




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 22 મે ના રોજ 'આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 20 ડિસેમ્બર, 2000ના રોજ આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ 22 મે, 1992ના રોજ પસાર કરવામાં આવેલા નૈરોબી એક્ટનું પાલન કરવાનું તથા જૈવ વિવિધતા અંગે લોકોમાં જાગૃતિ લાવવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આ અગાઉ વર્ષ 2010ને જૈવ વિવિધતા વર્ષ જાહેર કરવામાં આવ્યું હતું.
- વર્ષ 2022ની 'આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ'ની થીમ "Building a shared future for all life" છે.

નોંધ: સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 22 મે ને 'આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ' તરીકે ઉજવવાની કરવામાં આવેલી જાહેરાત અગાઉ દર વર્ષે 29 ડિસેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ'ની ઉજવણી કરવામાં આવતી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## GST કાયદા બનાવવા માટે રાજ્યોની સત્તા




તાજેતરમાં સુપ્રીમ કોર્ટે લોકશાહીના સારા માટે 'સહકારી સંઘવાદ'ના મહત્ત્વને સમર્થન આપતા તેના એક ચૂકાદામાં જણાવ્યું હતું કે કેન્દ્ર અને રાજ્ય GST પર કાયદો ઘડવા માટે 'એક સમાન અને અનન્ય શક્તિઓ' ધરાવે છે.

- તથા GST કાઉન્સિલની ભલામણો તેમના માટે બંધનકર્તા નથી.
- સુપ્રીમ કોર્ટનો નિર્ણય ગુજરાત હાઈકોર્ટના નિર્ણયને સમર્થન આપતો આવ્યો છે કે કેન્દ્ર ભારતીય આયાતકારો પર દરિયાઈ માલ માટે ઈન્ટિગ્રેટેડ ગુડ્સ અને સર્વિસ ટેક્સ (IGST) લાદી શકે નહીં.
- સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે માલની આયાતના કિસ્સામાં ચૂકવવામાં આવતા દરિયાઈ માલ પરનો GST ગેરબંધારણીય છે.

## સુપ્રીમ કોર્ટનો નિર્ણય

GST કાયદો બનાવતી વખતે કેન્દ્ર અને રાજ્યો 'સ્વાયત્ત, સ્વતંત્ર અને સ્પર્ધાત્મક સંસ્થાઓ' છે.

- સંઘીય એકમોના એકીકૃત અભિગમને કારણે સહકારી સંઘવાદને 'કઠોર સંઘવાદ' (Marble Cake) જેવો ગણવામાં આવે છે.
- GST કાઉન્સિલની ભલામણો કેન્દ્ર અને રાજ્યોને સમાવેશ કરતા એક સહયોગી સંવાદનું ઉદાહરણ આપે છે.
- આ ભલામણો માત્ર પ્રેરક મૂલ્યની છે એટલે કે કેન્દ્ર અને રાજ્યો બંનેને GST પર કાયદાઓ બનાવવા માટે સમાન સત્તા આપવામાં આવી છે, તેથી આ કાયદાઓને બંધનકર્તા ગણવાથી રાજકોષીય સંઘવાદને અવરોધ આવશે.
- એ વાત પર ભાર મૂકવામાં આવ્યો હતો કે બંધારણના અનુચ્છેદ 246 A (જે રાજ્યોને GST સંબંધિત કાયદાઓ બનાવવાની સત્તા આપે છે) સંઘ અને રાજ્યોને 'સમાન એકમો' તરીકે વર્તે છે.
- તે GST પર કાયદો બનાવવા માટે કેન્દ્ર અને રાજ્યોને સાથે મળીને સત્તા આપે છે.

## GST કાઉન્સિલ શું છે ?

ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ સંબંધિત મુદ્દાઓ પર કેન્દ્ર અને રાજ્ય સરકારોને ભલામણ કરવા માટે બંધારણના અનુચ્છેદ 279 A હેઠળ તે બંધારણીય સંસ્થા છે.

- GST કાઉન્સિલનું નેતૃત્વ કેન્દ્રીય નાણામંત્રી કરે છે તથા રાજ્યોના નાણામંત્રીઓ કાઉન્સિલના સભ્યો છે.
- તેની સ્થાપના એક સંઘીય સંસ્થા તરીકે કરવામાં આવી છે જ્યાં કેન્દ્ર અને રાજ્યો બંનેને યોગ્ય પ્રતિનિધિત્વ મળે છે.
- GST કાઉન્સિલના નિર્ણયો માટે હાજર રહેલા અને મતદાન કરનારા સભ્યોના ઓછામાં ઓછા ત્રણ ચતુર્થાંશ મતની બહુમતી જરૂરી છે.
- કોઈપણ બેઠક યોજવા માટે GST કાઉન્સિલના કુલ સભ્યોમાંથી 50% જરૂરી કોરમ છે.

નોંધ: (1) GSTનું પૂરું નામ 'ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ' છે.

(2) GST એ સમગ્ર દેશ માટે પરોક્ષ કર છે.

(3) 101મો બંધારણીય સુધારો GST સાથે સંકળાયેલ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# આબોહવા પરિવર્તન પર બ્રિક્સની ઉચ્ચ સ્તરીય બેઠક



13 મે, 2022ના રોજ વર્ચ્યુઅલ રીતે આયોજિત BRICSની ઉચ્ચ સ્તરીય બેઠકમાં કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ યાદવે ભાગ લીધો હતો.

- શ્રી ભૂપેન્દ્ર યાદવે આબોહવા પરિવર્તનને સંયુક્ત રીતે સંબોધિત કરતા નીચા કાર્બન અને અનુકૂલનશીલ પરિવર્તનને વેગ આપવા અને ટકાઉ પુનઃપ્રાપ્તિ અને વિકાસ હાંસલ કરવા માટેના અભિગમોની શોધ માટે ફોરમની પ્રાસંગિકતા પર પ્રકાશ પાડ્યો હતો.
- પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈના (ચીન)ની અધ્યક્ષતામાં આ બેઠક યોજાઈ હતી.
- જેમાં BRICS દેશોના પર્યાવરણ મંત્રીઓએ ભાગ લીધો હતો.

## બેઠકની વિશેષતાઓ

ભારતે તેમના સંબોધનમાં સાવચેતીપૂર્વક વપરાશ અને કચરા ઘડાટવા પર આધારિત ટકાઉ જીવનશૈલીને પ્રોત્સાહન આપવા સહિત મજબૂત પગલાં પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરી હતી.

- ભારત હાલમાં પુનઃપ્રાપ્ય ઊર્જા, ટકાઉ વસવાટ, વધારાના જંગલો અને વૃક્ષોના આવરણ દ્વારા કાર્બન સિંક સર્જન, ટકાઉ પરિવહનમાં સંક્રમણ, ઈ–મોબિલિટી, આબોહવા પ્રતિબદ્ધતાઓને પૂર્ણ કરવા ખાનગી ક્ષેત્રને પ્રોત્સાહિત કરવા વગેરે ક્ષેત્રે ઘણા મહત્વપૂર્ણ પગલાં લઈ રહ્યું છે.
- ભારતે ક્રમશઃ આર્થિક વૃદ્ધિને ગ્રીન હાઉસ ગેસ ઉત્સર્જનથી અલગ કરવાનું ચાલુ રાખ્યું છે.
- BRICS દેશોએ ગ્લાસગોના નિર્ણયને અનુરૂપ ક્લાઈમેન્ટ ફાઈનાન્સ વિતરણ તથા COP 26 પ્રેસિડેન્સી દ્વારા જારી કરાયેલ કલાઈમેન્ટ ફાઈનાન્સ ડિલિવરી પ્લાનની દિશામાં આગળ વધવાની આશા વ્યક્ત કરી હતી.
- બ્રિક્સ પર્યાવરણ મંત્રીઓએ આબોહવા પરિવર્તન પર સહકારને મજબૂત કરવા અને સહકારના અવકાશને વિસ્તૃત અને ઊંડો બનાવવા માટે પ્રતિબદ્ધતા દર્શાવી છે.
- આ ઉપરાંત આ દેશો પર્યાવરણ અને આબોહવા પરિવર્તનના ક્ષેત્રોમાં નીતિવિષયક આદાનપ્રદાન અને સહકાર ચાલુ રાખવા માટે પણ સંમત થયા હતા.

# BRICS

**BRICS એ વિશ્વના પાંચ મોટા વિકાસશીલ દેશોનો એક સમૂહ છે.**

- **BRICS દેશોમાં નીચેના દેશોનો સમાવેશ થાય છે.**

  **B - Brazil**

  **R - Russia**

  **I - India**

  **C - China**

  **S- South Africa**

- **જેમાંથી ચાર BRIC દેશો બ્રાઝિલ, રશિયા, ભારત અને ચીન દ્વારા વર્ષ 2006 માં આ સમૂહની સ્થાપના કરવામાં આવી હતી.**
- **જેમાં વર્ષ 2010 માં સાઉથ આફ્રિકા પાછળથી સામેલ થયું હતું. આથી તે હવે BRICS તરીકે ઓળખાય છે.**
- **બ્રિક્સ દેશોમાં વિશ્વની આશરે 41 ટકા વસતીનો સમાવેશ થાય છે.**
- **અને વિશ્વના કુલ GDPમાં બ્રિક્સ દેશોનો ફાળો આશરે 23.2 ટકા જેટલો છે.**
- **બ્રિક્સ દેશોએ જુલાઈ 2014માં NDB એટલે કે New Development Bank નામથી એક બેંકની રચના કરવામાં આવી હતી.**
- **આ બેંકનું વડું મથક ચીનના શાંઘાઈમાં આવેલું છે.**

**નોંધ:** **(1) ભારતે સપ્ટેમ્બર, 2021માં 13મી BRICS Summitની અધ્યક્ષતા કરી હતી.**

**(2) વર્ષ 2022 દરમિયાન 14મી BRICS Summitની અધ્યક્ષતા ચીન કરશે.**

**(3) આ ઉપરાંત બ્રિક્સ વિદેશમંત્રીઓની બેઠક પણ તાજેતરમાં વીડિયો કોન્ફરન્સ દ્વારા ચીન દ્વારા આયોજિત કરવામાં આવી હતી.**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. 'આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 મે (B) 21 મે (C) 22 મે (D) 23 મે (C)

2. વર્ષ 2022ની 'આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ'ની થીમ શું છે ?

(A) Biodiversity and Climat Change

(B) Biodiversity, Development and Poverty Reducation

(C) Convention on Biological Diversity

(D) Building a shared future for all life (D)

3. તાજેતરમાં સુપ્રીમ કોર્ટે GST કાયદા બનાવવા માટે રાજ્યોની સત્તા અંગે એક મહત્વનો નિર્ણય આપ્યો હતો. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. સુપ્રીમ કોર્ટે લોકશાહીના સારા માટે 'સહકારી સંઘવાદ'ના મહત્ત્વને સમર્થન આપતા તેના ચૂકાદામાં જણાવ્યું હતું કે કેન્દ્ર અને રાજ્ય GST પર કાયદો ઘડવા માટે 'એક સમાન અને અનન્ય શક્તિઓ' ધરાવે છે.

2. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે કાઉન્સિલની ભલામણો તેમના માટે બંધનકર્તા નથી.

3. સુપ્રીમ કોર્ટનો નિર્ણય ગુજરાત હાઈકોર્ટના નિર્ણયને સમર્થન આપતો આવ્યો છે કે કેન્દ્ર ભારતીય આયાતકારો પર દરિયાઈ માલ માટે ઈન્ટિગ્રેટેડ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (IGST) લાદી શકે નહીં.

4. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે માલની આયાતના કિસ્સામાં ચૂકવવામાં આવતા દરિયાઈ માલ પરનો GST ગેરબંધારણીય છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 (D)

4. તાજેતરમાં આબોહવા પરિવર્તન પર બ્રિક્સની ઉચ્ચ સ્તરીય બેઠકનું આયોજન થયું હતું. આ બેઠકની અધ્યક્ષતા કયા દેશે કરી હતી ?

(A) ચીન (B) રશિયા (C) સાઉથ આફ્રિકા (D) બ્રાઝિલ (A)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 23 મે, વિશ્વ કાચબા દિવસ (World Turtle Day)

## બાયોટેક સંશોધકો અને સ્ટાર્ટ-અપ્સ માટે નેશનલ પોર્ટલ 'BioRRAP' લોન્ચ કર્યુ



'એક રાષ્ટ્ર, એક પોર્ટલ'ની ભાવનાને ધ્યાનમાં રાખીને તાજેતરમાં બાયોટેક સંશોધકો અને સ્ટાર્ટઅપ્સ માટે નેશનલ પોર્ટલ 'BioRRAP' લોન્ચ કરવામાં આવ્યું હતું.

- 'Biological Research Regulatory Approval Portal' (BioRRAP) નામનું આ પોર્ટલ ભારતમાં જૈવિક વિકાસ અને સંશોધન માટે નિયમનકારી મંજૂરી મેળવવા માંગતા લોકોની જરૂરિયાતો પૂરી કરશે.
- તે વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલયના ડિપાર્ટમેન્ટ ઓફ બાયો ટેક્નોલોજી (DBT) દ્વારા એક પોર્ટલ છે.

### આ પોર્ટલ કેવી રીતે મદદ કરશે ?

આ પોર્ટલ આંતર–વિભાગીય સમન્વયને મજબૂત કરવામાં અને જૈવિક સંશોધનના વિવિધ પાસાઓનું નિયમન કરતી વિવિધ એજન્સીઓની કામગીરીમાં પારદર્શિતા, જવાબદારી અને અસરકારકતા લાવવામાં મદદ કરશે.

- આ પોર્ટલ સરકારની 'સ્ટાર્ટ–અપ્સની સરળતા' અને 'વિજ્ઞાન અને વૈજ્ઞાનિક સંશોધન કરવામાં સરળતા'ને અનુરૂપ છે.
- આ પોર્ટલ હિતધારકોને અનન્ય BioRRAP ID દ્વારા ચોક્કસ એપ્લિકેશન માટે આપવામાં આવેલી મંજૂરી જોવામાં પણ મદદ કરશે.
- આ પોર્ટલ દ્વારા સંશોધકો નિયમનકારી મંજૂરીઓ મેળવવાના હેતુથી તેમની સંબંધિત અરજીઓના મંજૂરીઓના તબક્કાઓ ચકાસી શકશે.
- આ પોર્ટલ પર સબમિટ કરવામાં આવેલી તમામ સંશોધન અરજીઓ માટે BioRRAP ID જનરેટ કરશે.
- આ પોર્ટલ માત્ર સંશોધન સંબંધિત પ્રવૃત્તિઓ માટે છે અને ઉત્પાદન વિકાસ હેતુ માટે તેનો ઉપયોગ કરી શકાતો નથી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## જૈવિક સંશોધનમાં ભારતની સ્થિતિ

ભારત વૈશ્વિક સ્તરે બાયોટેકનોલોજી માટેના ટોચના 12 સ્થળોમાનું એક છે અને એશિયા પેસિફિક ક્ષેત્રમાં ત્રીજું સૌથી મોટું બાયો ટેકનોલોજી સ્થળ છે.

- ભારતીય ઉદ્યોગમાં હાલમાં 2700થી વધુ બાયોટેક સ્ટાર્ટઅપ્સ અને 2500થી વધુ બાયોટેક કંપનીઓનો સમાવેશ થાય છે.
- આબોહવા પરિવર્તનની અસરને કારણે જૈવ ટેકનોલોજી ઉપરાંત જૈવવિવિધતા સંબંધિત જૈવિક કાર્ય, વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ, વન અને વન્યજીવન, જૈવ–સર્વેક્ષણ અને જૈવિક સંશોધનોના જૈવ–ઉપયોગના સંરક્ષણ અને સંરક્ષણની નવીનતમ પદ્ધતિઓમાં પણ ભારત વેગ પકડી રહ્યુ છે.
- વિવિધ જાહેર અને ખાનગી ક્ષેત્રોના અનુદાનને કારણે ભારતમાં વિવિધ જૈવિક ક્ષેત્રોમાં સંશોધન સતત વિસ્તરી રહ્યું છે.
- ભારત વર્ષ 2025 સુધીમાં વૈશ્વિક બાયો–મેન્યુફેક્ચરીંગ હબ તરીકે ઓળખવાનું લક્ષ્ય ધરાવે છે, ત્યારબાદ વિશ્વના ટોપના પાંચ દેશોમાં સામેલ થશે.
- વૈશ્વિક બાયોટેકનોલોજી માર્કેટમાં ભારતીય બાયોટેકનોલોજી ઉદ્યોગનું યોગદાન 2025 સુધીમાં વધીને 19% થવાની ધારણા છે, જે 2017માં 3% હતી.
- રાષ્ટ્રીય GDPમાં બાયો–ઈકોનોમીનું યોગદાન પણ વર્ષોથી સતત વધ્યું છે.
- બાયો–ઈકોનોમી અથવા જૈવ અર્થતંત્રએ વર્ષ 2017માં GDPમા 1.7% ફાળો આપ્યો હતો તથા વર્ષ 2020માં આ હિસ્સો વધીને 2.7% થઈ ગયો છે.

**નોંધ:** (1) બાયો–ઈકોનોમીનો ખ્યાલ યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા, કેનેડા અને યુરોપિયન યુનિયન અને ઓસ્ટ્રેલિયા દ્વારા જૈવસંસાધનોનો ઉપયોગ કરીને અર્થતંત્રને વેગ આપવા માટે રજૂ કરવામાં આવ્યો હતો.

(2) બાયો–ઈકોનોમી શબ્દનો અર્થ રિન્યુએબલ જૈવિક સંસાધનોના ઉત્પાદન અને મૂલ્ય વર્ધિત ઉત્પાદનો જેમ કે ખોરાક, જૈવ–આધારિત ઉત્પાદનો અને જૈવ–ઊર્જા જેવા આ સંસાધનોના સંરક્ષણ અને કચરાના પ્રવાહને દર્શાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કાન્સ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ

17 મે થી 28 મે, 2022 દરમિયાન ફ્રાન્સના કેન્સ ખાતે 75મા વાર્ષિક 'કાન્સ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ'નું આયોજન કરવામાં આવ્યું હતું.



- આ વર્ષ ભારતને કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ તરફથી 'કન્ટ્રી ઓફ ઓનર'નું આમંત્રણ મળ્યું હતું.
- યુક્રેનના રાષ્ટ્રપતિ શ્રી વ્લોદિમીર ઝેલેન્સકીના વીડિયો સંબોધનથી આ ફેસ્ટિવલની શરૂઆત થઈ હતી.
- ભારતના સુશ્રી દીપિકા પાદુકોણને આ વર્ષના કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં જ્યુરી સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવ્યો હતો.
- દર વર્ષે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ઘણા દેશોની અલગ–અલગ ફિલ્મો બતાવવામાં આવે છે જેમાં ભારતીય ફિલ્મો પણ સામેલ હતી.
- કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ 2022માં ભારતની છ ફિલ્મોની પસંદગી કરવામાં આવી છે જે નીચે મુજબ છે :

### રોકેટરી-દ નામ્બી ઈફેક્ટ

શ્રી આર. માધવનની ફિલ્મ 'Rocketry: The Nambi Effect' બતાવવામાં આવી હતી.

- આ ફિલ્મ ISROના ભૂતપૂર્વ વૈજ્ઞાનિક અને એન્જિનિયર શ્રી નામ્બી નારાયણના જીવન પર આધારિત છે.
- આ ફિલ્મમાં શ્રી આર.માધવન મુખ્ય ભૂમિકામાં છે.
- આ ફિલ્મનું નિર્દેશન અને નિર્માણ પણ શ્રી આર.માધવને કર્યું છે.

### ગોદાવરી

શ્રી નિખિલ મહાજને આ ફિલ્મનું નિર્માણ કર્યું છે.

- મરાઠી ભાષાની આ ફિલ્મની વાર્તા એક પરિવાર ઉપર છે.

### આલ્ફા, બીટા, ગામા

ડાયરેક્ટર શંકર શ્રીકુમારે આ ફિલ્મનું નિર્માણ કર્યું છે.

- આલ્ફા, બીટા, ગામા એક હિન્દી ફિલ્મ છે. આ ફિલ્મમાં જય નામના શખ્સની વાર્તા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બૂમ્બા રાઈડ

અસમની ફિલ્મ બૂમ્બા રાઈડને પણ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં દર્શાવવામાં આવી હતી.

- આ ફિલ્મનું નિર્દેશન શ્રી બિસ્વજીત બોરાએ કર્યુ છે.
- આ ફિલ્મ રૂરલ ઈન્ડિયાના એજ્યુકેશન સિસ્ટમ પર આધારિત છે.
- આ ફિલ્મ અસમની બ્રહ્મપુત્રા નદીના કિનારે શૂટ થઈ છે.

## ધૂઈન

મૈથિલી ભાષામાં બનેલી ફિલ્મ 'ધૂઈન'નો અર્થ ધુમ્મસ થાય છે.

- આ ફિલ્મનું નિર્દેશન શ્રી અચલ મિશ્રાએ કર્યુ છે.
- આ ફિલ્મમાં એક મહત્વાકાંક્ષી કલાકારને દર્શાવવામાં આવ્યો છે જે બિહારના એક નાના શહેરમાંથી મુંબઈના મોટા પડદા પર જવા માંગે છે.

## ટ્રી ફૂલ ઓફ પોપટ

ટ્રી ફૂલ ઓફ પોપટ એ એક મલયાલમ ફિલ્મ છે.

## મુજીબ- ધ મેકિંગ ઓફ અ નેશનનું ટ્રેલર રિલીઝ

કાન્સ ફિલ્મ ફેસ્ટિવલના ત્રીજા દિવસે કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી અનુરાગ ઠાકુર અને બાંગ્લાદેશના પ્રસારણ મંત્રી ડો. હસન મહમૂદ દ્વારા આ ફિલ્મનું ટ્રેલર લોન્ચ કરવામાં આવ્યું હતું.

- 'મુજીબ–ધ મેકિંગ ઓફ અ નેશન' ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધોને દર્શાવે છે, જે ભારત અને બાંગ્લાદેશનું સહ–નિર્માણ છે.
- આ ફિલ્મનું નિર્દેશન શ્રી શ્યામ બેનેગલ કરી રહ્યા છે. અને આ ફિલ્મ નેશનલ ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NFDC) અને ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશન ઓફ બાંગ્લાદેશ (FDC) વચ્ચેનું સહ–નિર્માણ છે.
- ફિલ્મના નિર્માતાઓ બાંગ્લાદેશના માહિતી પ્રસારણ મંત્રાલય અને ભારતનું માહિતી પ્રસારણ મંત્રાલય છે.
- આ ફિલ્મ બંગબંધુ શ્રી શેખ મુજીબુર રહેમાનની જન્મશતાબ્દીની ભેટ તેમજ સારા પાડોશી સંબંધોનું ઉદાહરણ છે.

નોંધઃ (1) શ્રી શેખ મુજીબુર રહેમાન બાંગ્લાદેશના અગ્રણી નેતા હતા તથા બાંગ્લાદેશના પ્રથમ રાષ્ટ્રપતિ હતા.

(2) તેમને બાંગ્લાદેશના રાષ્ટ્રપિતા અને લોકપ્રિય રીતે 'બંગબંધુ' તરીકે ઓળખવામાં આવે છે.

(3) તેઓ વર્ષ 1949મા સ્થપાયેલી 'અવામી લીગ' રાજકીય પક્ષના અગ્રણી નેતા હતા.

(4) આ પક્ષે વર્ષ 1971માં બાંગ્લાદેશની આઝાદી માટે મુખ્ય ભૂમિકા ભજવી હતી.

(5) બાંગ્લાદેશના વર્તમાન વડાપ્રધાન શ્રીમતી શેખ હસીના તેમના પુત્રી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કાન્સ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ

કાન્સ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ એ ફ્રાન્સમાં આયોજિત વાર્ષિક ફિલ્મ ફેસ્ટિવલ છે.

- તેને અંગ્રેજીમાં કેન્સ ફિલ્મ ફેસ્ટિવલ તરીકે ઓળખવામાં આવે છે.
- તે વિશ્વભરની દસ્તાવેજી સહિત તમામ શૈલીઓની નવી ફિલ્મોનું પૂર્વાવલોકન કરે છે.
- તે વિશ્વનો સૌથી પ્રતિષ્ઠિત અને પ્રચારિત ફિલ્મ ફેસ્ટિવલ છે.
- તે દર વર્ષે સામાન્ય રીતે મે મહિનામાં ફ્રાન્સના કેન્સમાં પેલેસ ડેસ ફેસ્ટિવલ્સ એટ ડેસ કોંગ્રેસમાં યોજવામાં આવે છે.



1. 'વિશ્વ કાચબા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 21 મે (B) 22 મે (C) 23 મે (D) 24 મે **(C)**

2. તાજેતરમાં બાયોટેક સંશોધકો અને સ્ટાર્ટ–અપ્સ માટે નેશનલ પોર્ટલ 'BioRRAP' લોન્ચ કરવામાં આવ્યું હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
1. BioRRAP નું પૂરું નામ 'Biological Research Regulatory Approval Portal' છે.
2. આ પોર્ટલ ભારતમાં જૈવિક વિકાસ અને સંશોધન માટે નિયમનકારી મંજૂરી મેળવવા માંગતા લોકોની જરૂરિયાતો પૂરી કરશે.
3. આ પોર્ટલ સરકારની 'સ્ટાર્ટ–અપ્સની સરળતા' અને 'વિજ્ઞાન અને વૈજ્ઞાનિક સંશોધન કરવામાં સરળતા'ને અનુરૂપ છે.
4. આ પોર્ટલ હિતધારકોને અનન્ય BioRRAP ID દ્વારા ચોક્કસ એપ્લિકેશન માટે આપવામાં આવેલી મંજૂરી જોવામાં પણ મદદ કરશે.
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 3 અને 4 **(A)**

3. તાજેતરમાં 17 મે થી 28 મે દરમિયાન ફ્રાન્સના કેન્સ ખાતે કેટલામાં 'કાન્સ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ'નું આયોજન કરવામાં આવ્યું હતું ?
(A) 75 મા (B) 76 મા (C) 78 મા (D) 79 મા **(A)**

4. કાન્સ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ 2022માં નીચેના પૈકી કયા દેશને 'કન્ટ્રી ઓફ ઓનર'નું આમંત્રણ મળ્યું હતું ?
(A) બાંગ્લાદેશ (B) રશિયા (C) ભારત (D) જાપાન **(C)**

5. કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ 2022માં ભારતની 'Rocketry : The Nambi Effect' ફિલ્મ બતાવવામાં આવી હતી. આ ફિલ્મનું નિર્દેશન અને નિર્માણ કોણે કર્યુ છે ?
(A) શ્રી રાજા મૌલી (B) શ્રી આર. માધવન (C) શ્રી અનુરાગ કશ્યપ (D) શ્રી આમિર ખાન **(B)**

6. કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ 2022માં 'મુજીબ–ધ મેકિંગ ઓફ અ નેશન્સ'નું ટ્રેલર રિલીઝ કરવામાં આવ્યુ હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
1. તે ભારત અને બાંગ્લાદેશ દ્વારા સહ–નિર્મિત ફિલ્મ છે.
2. આ ફિલ્મનું નિર્દેશન શ્રી શ્યામ બેનેગલ કરી રહ્યા છે તથા તેના નિર્માતા ભારત અને બાંગ્લાદેશનું માહિતી પ્રસારણ મંત્રાલય છે.
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 1 (B) ફક્ત 2
(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(C)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS
JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## શ્રી રાજા રામ મોહનરાય



તાજેતરમાં સંસ્કૃતિ મંત્રાલયે શ્રી રાજા રામ મોહનરાયની 250મી જન્મજયંતિ પર તેમની યાદમાં ચાલનારા ઉત્સવના ઉદ્ઘાટન સમારોહનું આયોજન કર્યુ હતું.

- કોલકાતામાં 'રાજા રામ મોહનરાય લાઈબ્રેરી ફાઉન્ડેશન, સોલ્ટલેક અને સાયન્સ સિટી ઓડિટોરિયમ'માં ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો.
- તે એક વર્ષનો ઉત્સવ છે જે આવતા વર્ષ એટલે કે 22 મે, 2023 સુધી ઉજવવામાં આવશે.
- આ વર્ષે રાજા રામ મોહનરાયની 250મી જન્મજયંતિ અને રાજા રામ મોહનરાય લાઈબ્રેરી ફાઉન્ડેશનનો 50મો સ્થાપના દિવસ પણ છે.
- સંસ્કૃતિ મંત્રાલયે રાજા રામ મોહનરાય લાઈબ્રેરી ફાઉન્ડેશન ખાતે રાજા રામ મોહનરાયની પ્રતિષ્ઠિત પ્રતિમાનું પણ અનાવરણ કર્યુ હતું.

### શ્રી રાજા રામ મોહન રાય

શ્રી રાજા રામ મોહનરાયનો જન્મ 22 મે, 1772ના રોજ બંગાળના રાધાનગરમાં એક બ્રાહ્મણ પરિવારમાં થયો હતો.

- શ્રી રાજા રામ મોહનરાયે તેમનું પ્રારંભિક શિક્ષણ પટના ખાતે ફારસી અને અરબી ભાષાઓમાં મેળવ્યું હતું.
- જ્યાં તેમણે કુરાન, સૂફી રહસ્યવાદી કવિઓની કૃતિઓ અને એરિસ્ટોટલના પુસ્તકોની અરબી આવૃત્તિઓનો અભ્યાસ કર્યો હતો.
- બનારસમાં તેમણે સંસ્કૃત ભાષા, વેદ અને ઉપનિષદોનો પણ અભ્યાસ કર્યો હતો.
- 1803 થી 1814 સુધી તેમણે વુડફોર્ડ અને ડિગ્બી હેઠળ ઈસ્ટ ઈન્ડિયા કંપની માટે ખાનગી દીવાન તરીકે સેવા આપી હતી.
- વર્ષ 1814માં તેમણે નોકરીમાંથી રાજીનામું આપ્યું હતું.
- અને ધાર્મિક, સામાજિક અને રાજકીય સુધારા માટે પોતાનું જીવન સમર્પિત કરવા કોલકાત્તા ગયા હતા.
- શ્રી રાજા રામ મોહનરાયે શ્રી ડેવિડ હાયરની મદદથી વર્ષ 1817માં હિન્દુ કોલેજની કોલકાત્તામાં સ્થાપના કરી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તેમણે વર્ષ 1814માં કોલકાત્તામાં 'આત્મીયસભા'ની સ્થાપના કરી હતી.
- વર્ષ 1823માં 'The Encrochment on the Right on the Hindu Females' નામનું પુસ્તક લખ્યું હતું.
- તેમણે ઈ.સ. 1825માં કોલકાત્તામાં 'વેદાંત કોલેજ'ની સ્થાપના કરી હતી.
- 20 ઓગસ્ટ, 1828ના રોજ 'બ્રહ્મોસમાજ'ની સ્થાપના કરી હતી.
- શ્રી રાજા રામ મોહનરાયે બાળ લગ્ન, સત્તીપ્રથા અને પડદા પ્રથા નાબુદ કરવા માટે પ્રયત્નો કર્યા હતા.
- રાજારામ મોહનરાયને શ્રી રવીન્દ્રનાથ ટાગોરે 'ભારતીય પુનર્જાગરણના પિતા' અને 'ભારતીય રાષ્ટ્રવાદના પ્રવર્તક' તરીકે બિરદાવ્યા હતા.
- તેઓ દિલ્હીના મુઘલ સમ્રાટ અકબર બીજાના પેન્શન સંબંધિત ફરિયાદો માટે ઈંગ્લેન્ડ ગયા હતા, ત્યારે તેમને અકબર બીજા દ્વારા 'રાજા'નું બિરૂદ આપવામાં આવ્યુ હતું.
- શ્રી રાજા રામ મોહનરાયે એકેશ્વરવાદનો પ્રચાર કર્યો હતો.
- શ્રી રાજા રામ મોહનરાય પશ્ચિમી આધુનિક વિચારથી ખૂબ પ્રભાવિત હતા અને તેમણે બુદ્ધિવાદ અને આધુનિક વૈજ્ઞાનિક અભિગમ પર ભાર મુક્યો હતો.
- તેમણે લેખન અને અન્ય પ્રવૃત્તિઓ દ્વારા ભારતમાં મુક્ત પ્રેસની ચળવળને ટેકો આપ્યો હતો.
- 27 સપ્ટેમ્બર, 1833ના રોજ ઈંગ્લેન્ડમાં બ્રિસ્ટોલના ઉત્તરપૂર્વમાં આવેલ ગામ સ્ટેપલેટન ખાતે તેમનું અવસાન થયું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## NDBની 7મી વાર્ષિક બેઠક



તાજેતરમાં કેન્દ્રીય નાણા અને કોર્પોરેટ બાબતોના મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને નવી દિલ્હીમાં વીડિયો કોન્ફરન્સ દ્વારા NDBના બોર્ડ ઓફ ગવર્નર્સની 7મી બેઠકની અધ્યક્ષતા કરી હતી.

- બ્રાઝિલ, ચીન, રશિયા, દક્ષિણ આફ્રિકા , બાંગ્લાદેશ અને સંયુક્ત આરબ અમીરાત (નવા સભ્યો)ના ગવર્નરોએ પણ આ બેઠકમાં હાજરી આપી હતી.
- આ વાર્ષિક બેઠકની થીમ 'NDB: Optimising Development Impact' છે.

## બેઠકની વિશેષતાઓ

નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને બહુપક્ષીયવાદના મહત્વ અને આર્થિક સુધારા માટે વૈશ્વિક સહયોગની ભાવના પર ભાર મૂક્યો હતો.

- આ સંદર્ભમાં નાણામંત્રીએ સ્વીકાર્યું કે NDBએ ઉભરતી બજાર અર્થવ્યવસ્થાઓ માટે વિશ્વાસપાત્ર વૃદ્ધિ ભાગીદાર તરીકે સફળતાપૂર્વક પોતાની જાતને સ્થાપિત કરી છે.
- આ વર્ષે ભારતની આઝાદીની 75મી વર્ષગાંઠના સંદર્ભમાં કેન્દ્રીય નાણામંત્રીએ જણાવ્યું હતું કે વર્તમાન નાણાકીય વર્ષમાં દેશની આર્થિક વૃદ્ધિ મજબૂત રહી છે અને તે 8.9 ટકા રહેવાની ધારણા છે, જે તમામ મોટી અર્થવ્યવસ્થાઓમાં સૌથી વધુ છે.
- જે ભારતની મક્કમતા અને ઝડપી પુનઃપ્રાપ્તિ દર્શાવે છે.

## NDB

NDBનું પૂરું નામ 'New Development Bank' છે.

- તે એક બહુપક્ષીય વિકાસ બેંક છે.
- જેની સ્થાપના BRICS દેશો (બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા) દ્વારા વર્ષ 2014માં બ્રાઝિલના ફોર્ટોલેજામાં આયોજિત છઠ્ઠી બ્રિક્સ સમિટમાં કરવામાં આવી હતી.
- BRICS અને અન્ય ઉભરતી અર્થવ્યવસ્થાઓમાં નવીનતા અને આધુનિક ટેકનોલોજી દ્વારા ઝડપી વૃદ્ધિ માટે માળખાકીય સુવિધાઓ અને ટકાઉ વિકાસના પ્રયાસોને સમર્થન આપવા માટે તેની રચના કરવામાં આવી હતી.
- તેનું મુખ્યમથક ચીનના શાંઘાઈમાં આવેલું છે.
- વર્ષ 2018માં 'ન્યૂ ડેવલપમેન્ટ બેંક'એ સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં નિરીક્ષકનો દરજ્જો મેળવ્યો હતો. તથા સંયુક્ત રાષ્ટ્ર સાથે સક્રિય અને ફળદાયી સહકાર માટે મજબૂત પાયો સ્થાપિત કર્યો હતો.
- NDBના ઉદ્દેશો નીચે મુજબ છે :

1. સભ્યો દેશોના વિકાસને પ્રોત્સાહન આપવું.
2. આર્થિક વિકાસને ટેકો આપવો.
3. સ્પર્ધાત્મકતાને પ્રોત્સાહિત કરવું અને રોજગાર નિર્માણની સુવિધા પ્રદાન કરવી.
4. વિકાસશીલ દેશો વચ્ચે નોલેજ શેરિંગ પ્લેટફોર્મ બનાવવું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ક્વાડ સમિટ 2022 (QUAD Leaders Summit 2022)

24 મે, 2022ના રોજ જાપાનના ટોક્યોમાં વર્ષ 2022ની ક્વાડ સમિટ શરૂ થઈ હતી.



- તેમા ક્વાડ દેશો (ઓસ્ટ્રેલિયા, ભારત, જાપાન અને યુ.એસ)ના નેતાઓએ હાજરી આપી હતી.
- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી જો બાઈડેન, જાપાનના વડાપ્રધાન શ્રી ફૂમિયો કિશિદા અને નવા ચૂંટાયેલા ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન શ્રી એન્ટની અલ્બેનિઝે સમિટમાં હાજરી આપી હતી.
- આ બીજી વ્યક્તિગત ક્વાડ સમિટ છે.
- આ સમિટને સંબોધતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે ક્વાડ ગ્રુપિંગ સારા માટેનું બળ છે અને તેનો ઉદ્દેશ્ય ઈન્ડો–પેસિફિક ક્ષેત્રને સમાવિષ્ટ કરવાનો છે.
- તેમણે ઈન્ડો–પેસિફિક ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા સુનિશ્ચિત કરવામાં ક્વાડની ભૂમિકાની પણ પ્રશંસા કરી હતી.
- આ સમિટમાં ક્વાડ ફેલોશિપ શરૂ કરવામાં આવી હતી, તે પ્રથમ પ્રકારનો શિષ્યવૃત્તિ કાર્યક્રમ છે.
- તેનો ઉદ્દેશ ક્વાડના ચાર સભ્યો વચ્ચે લોકોથી લોકોના સંબંધોને પ્રોત્સાહન આપવાનો છે.
- આ ફેલોશિપ યુ.એસમાં અગ્રણી વિજ્ઞાન ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત (STEM) યુનિવર્સિટીઓમાં ઉચ્ચ અભ્યાસ અને ડોકટરલ ડિગ્રી મેળવવા માટે દરેક ક્વાડ દેશોના 25 વિદ્યાર્થીઓને સ્પોન્સર કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### QUAD

QUADને 'QSD' તરીકે પણ ઓળખવામાં આવે છે.

- QSDનું પૂરું નામ 'Quadrilateral Security Dialogue' છે. જેને QUAD (ક્વાડ) તરીકે ઓળખવામાં આવે છે.
- જાપાનના રાષ્ટ્રપતિ શ્રી શિન્ઝો અબે દ્વારા ભારતના વડાપ્રધાન ડો. મનમોહન સિંહ, અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ શ્રી ડિક ચેની અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન શ્રી જોન હોવાર્ડના સહયોગથી 2007મા આ ડાયલોગનો પ્રારંભ થયો હતો.
- જેનો વર્ષ 2008માં અંત આવ્યો હતો.
- જોકે, વર્ષ 2017માં આ ગ્રુપને ફરીથી સંગઠિત કરવામાં આવ્યું હતું.
- ક્વાડ દેશોમાં ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયાનો સમાવેશ થાય છે.

**નોંધ :** માલાબાર અભ્યાસ એ ક્વાડ દેશોની નૌસેના વચ્ચે યોજાતો અભ્યાસ છે.

**1.** તાજેતરમાં સંસ્કૃતિ મંત્રાલયે શ્રી રાજા રામ મોહનરાયની કેટલામી જન્મજંયતિ પર તેમની યાદમાં ચાલનારા એક વર્ષીય ઉત્સવના ઉદ્‌ઘાટન સમારોહનું આયોજન કર્યું હતું ?

(A) 225મી (B) 250મી (C) 275મી (D) 280મી (B)

**2.** શ્રી રાજા રામ મોહનરાયે નીચેના પૈકી કઈ સંસ્થા સ્થાપી હતી ?

(A) આર્યસમાજ (B) પ્રાર્થના સમાજ

(C) થિયોસોફિકલ સોસાયટી (D) આત્મીય સભા (D)

**3.** શ્રી રાજા રામ મોહનરાય સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેમણે 1803 થી 1814 સુધી વુડફોર્ડ અને ડિગ્બી હેઠળ ઈસ્ટ ઈન્ડિયા કંપની માટે ખાનગી દિવાન તરીકે સેવા આપી હતી.
2. તેમણે ડેવિડ હાયરની મદદથી વર્ષ 1817માં હિન્દુ કોલેજની કોલકાત્તામાં સ્થાપના કરી હતી.
3. તેમણે 1825માં કોલકાત્તામાં ‘વેદાંત કોલેજ’ની સ્થાપના કરી હતી.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 (D)

**4.** તાજેતરમાં નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને ન્યૂ ડેવલપમેન્ટ બેન્ક (NDB)ની કેટલામી બેઠકની નવી દિલ્હી ખાતેથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી અધ્યક્ષતા કરી હતી ?

(A) 5મી (B) 7મી (C) 10મી (D) 12મી (B)

**5.** મે, 2022માં કયા સ્થળે ક્વાડ સમિટ યોજાઈ હતી ?

(A) ટોક્યો, જાપાન (B) દિલ્હી, ભારત (C) ન્યૂયોર્ક, અમેરિકા (D) મોસ્કો, રશિયા (A)

**6.** ક્વાડ (QUAD)માં નીચેનામાંથી કયા દેશનો સમાવેશ થતો નથી ?

(A) ભારત (B) જાપાન (C) ઓસ્ટ્રેલિયા (D) ચીન (D)

## દિવસ મહિમા : 25 મે, (1) વિશ્વ થાઈરોઈડ દિવસ (World Thyroid Day)
## (2) ગુમ થયેલા બાળકો માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ

### વિશ્વ થાઈરોઈડ દિવસ




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 25 મે ના રોજ 'વિશ્વ થાઈરોઈડ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ થાઈરોઈડ રોગ અને તેના ઉપચાર અંગે જાગૃતિ લાવવાનો છે.
- નોંધનીય છે કે થાઈરોઈડ ગ્રંથી શરીરની સૌથી મોટી અંતઃસ્ત્રાવી ગ્રંથી છે.
- થાઈરોઈડ ગ્રંથી દ્વીખંડી અને શ્વાસનળીની બંને બાજુએ ઉપરની તરફ આવેલી છે. બંને ખંડો સાંકળા સંયોજક પેશીના પટ્ટાથી જોડાયેલા છે જેને સેતુ (Isthmus) કહે છે.
- થાઈરોઈડ ગ્રંથી ત્રણ અંતઃસ્ત્રાવોનો સ્ત્રાવ કરે છે : થાઈરોઈડ (Tu), ટ્રાયઆયોડોથાઈરોનીન ($T_3$), થારઈરોકેલ્સિટોનીન.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એગ્રીમેન્ટ (IIA)

તાજેતરમાં ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાએ જાપાનના ટોક્યોમાં ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એગ્રીમેન્ટ (IIA) પર હસ્તાક્ષર કર્યા છે.

### ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એગ્રીમેન્ટ

આ કરાર પર ભારતના વિદેશ સચિવ અને યુએસ ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ ફાઈનાન્સ કોર્પોરેશન (DFC)ના CEOએ હસ્તાક્ષર કર્યા હતા.

- આ ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એગ્રીમેન્ટ (IIA)એ વર્ષ 1997મા બંને દેશો દ્વારા હસ્તાક્ષર કરાયેલ ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એગ્રીમેન્ટનું સ્થાન લીધુ છે.
- વર્ષ 1997મા અગાઉના IIA પર હસ્તાક્ષર કર્યા પછી નોંધપાત્ર વિકાસ થયો છે, જેમ કે ડેવલપમેન્ટ ફાઈનાન્સ કોર્પોરેશન (DFC) નામની નવી સંસ્થાની સ્થાપના વગેરે.
- યુનાઈટેડ સ્ટેટ્સના તાજેતરના કાયદા બિલ્ડ એક્ટ, 2018ના અમલ બાદ DFCને અગાઉના ઓવરસીઝ પ્રાઈવેટ ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન (OPIC)ની અનુગામી એજન્સી તરીકે નિયુક્ત કરવામાં આવી છે.

- આ કરાર યુએસ ડેવલપમેન્ટ ફાઈનાન્સ ઈન્સ્ટિટયૂટ તરફથી વિવિધ ક્ષેત્રોમાં રોકાણ સહાય વધારવામાં મદદ કરશે.
- જે રોકાણ સહાય લોન, ઈક્વિટી રોકાણ, રોકાણ ગેરંટી, પુનઃવીમો, અનુદાન વગેરેના સ્વરૂપમાં આપવામાં આવે છે.

નોંધ: (1) યુએસ ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ ફાઈનાન્સ કોર્પોરેશન (DFC)એ અગાઉના ઓવરસીઝ પ્રાઈવેટ ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન (OPIC)ની અનુગામી એજન્સી છે.

(2) DFC અથવા તેની પુરોગામી એજન્સીઓ જેમ કે ઓવરસીઝ પ્રાઈવેટ ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશનએ 1974 થી 5.8 બિલિયન અમેરિકન ડોલરના રોકાણની સહાય પૂરી પાડી છે.

## શ્રી એન્થોની અલ્બેનીઝ ઓસ્ટ્રેલિયાના નવા વડાપ્રધાન બન્યા



23 મે, 2022ના રોજ શ્રી એન્થોની અલ્બેનીઝે ઓસ્ટ્રેલિયાના 31મા વડાપ્રધાન તરીકેના શપથ લીધા હતા.

- તેઓ વડાપ્રધાન બનનાર પ્રથમ ઈટાલિયન ઓસ્ટ્રેલિયન છે.
- તેમણે આબોહવા પરિવર્તન, લિંગ સમાનતા અને વધુ સારા વેતન પર ઝડપી પગલાં લેવાના વચન સાથે શપથ લીધા હતા.
- શ્રી એન્થોની અલ્બેનીઝ ઓસ્ટ્રેલિયન લેબર પાર્ટીના નેતા છે.
- ઓસ્ટ્રેલિયાની 2022ની ફેડરલ ચૂંટણીમાં તેમની પાર્ટીએ સ્કોટ મોરિસનની આગેવાની હેઠળના શાસક ગઠબંધન (લિબરલ નેશનલ ગઠબંધન)ને હરાવ્યું હતું.
- તેઓ આ અગાઉ વર્ષ 2013માં નાયબ વડાપ્રધાન તરીકે પણ સેવા આપી ચૂક્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ સ્વાસ્થ્ય સભાનું 75મું સત્ર



વિશ્વ સ્વાસ્થ્ય સભા (વર્લ્ડ હેલ્થ એસેમ્બલી)નું 75મું સત્ર 22 થી 28 મે, 2022 દરમિયાન વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)ના મુખ્યમથક જીનીવામાં યોજાયું હતું.

- કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી મનસુખ માંડવિયાએ વધુ સ્થિતિસ્થાપક વૈશ્વિક આરોગ્ય સુરક્ષાનું માળખુ બનાવવા તરફ ભારતની પ્રતિબદ્ધતા પર ભાર મુક્યો હતો.
- વિશ્વ સ્વાસ્થ્ય સભા 2022ની થીમ "શાંતિ માટે સ્વાસ્થ્ય, સ્વાસ્થ્ય માટે શાંતિ" છે.

- ભારતના માન્યતા પ્રાપ્ત 'સામાજિક સ્વસ્થ્ય કાર્યકર્તાઓ' (આશા)ને 75મી વર્લ્ડ હેલ્થ એસેમ્બલીમાં ગ્લોબલ હેલ્થ લીડર્સ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- જેથી "વૈશ્વિક સ્વાસ્થ્યમાં આગળ વધવા, નેતૃત્વ કરવા અને પ્રાદેશિક સ્વાસ્થ્ય સમસ્યાઓ પ્રત્યે પ્રતિબદ્ધતા" માટે તેમના ઉત્કૃષ્ટ યોગદાનને માન્યતા આપી શકાય.
- નોંધનીય છે કે, વર્ષ 2020-21માં વર્ચ્યુઅલ રીતે આ સભા યોજાઈ હતી.

## 75મા અધિવેશનમાં કેન્દ્રીય મંત્રીઓના સંબોધનની વિશેષતા

વધુ લવચીક વૈશ્વિક આરોગ્ય સુરક્ષા આર્કિટેક્ચર માટે રસીઓ અને તબીબી કાયદા માટે પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવાની જરૂર છે.

- બૌદ્ધિક સંપદા પાસાઓ સહિત રસીઓ અને દવાઓની સમાન એક્સેસની મંજૂરી હોવી જોઈએ.
- ખર્ચ અસરકારક સંશોધન, ટેકનોલોજી ટ્રાન્સફર અને પ્રાદેશિક ઉત્પાદન ક્ષમતા અગ્રતા યાદીમાં હોવી જોઈએ.
- WHO મુજબ ભારતમાં કોવિડ–19 મહામારીને કારણે 4.7 મિલિયન મૃત્યુ (સત્તાવાર આંકડા કરતા 10 ગણા) નોંધાયા છે, આથી WHOના તાજેતરના અભ્યાસ પર ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. જેમાં Covid-19 કરતા તમામ કારણોથી વધુ મૃત્યુ દર નોંધાયો છે.
- ભારતે WHOને રજિસ્ટ્રાર જનરલ ઓફ ઈન્ડિયા (RGI) દ્વારા સિટીઝન રજિસ્ટ્રેશન સિસ્ટમ (CRS) દ્વારા પ્રકાશિત કરાયેલ દેશ વિશિષ્ટ અધિકૃત ડેટાને ધ્યાનમાં લેવા વિનંતી કરી હતી.
- ડેટા અનુમાનના ગાણિતિક મોડેલોના ઉપયોગ પર આધાર રાખવો જોઈએ નહીં. પરીણામે સેન્ટ્રલ કાઉન્સિલ ફોર હેલ્થ એન્ડ ફેમિલી વેલ્ફરએ આ સંદર્ભે WHOના અભિગમની નિંદા કરતો સર્વસંમતિથી ઠરાવ પસાર કર્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વિશ્વ સ્વાસ્થ્ય સભા

વિશ્વ સ્વાસ્થ્ય સભા (World Health Assembly) સભ્ય દેશોના પ્રતિનિધિઓની બનેલી છે.

- દરેક રાષ્ટ્રનું પ્રતિનિધિત્વ મહત્તમ ત્રણ પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવે છે, જેમાંથી એકને મુખ્ય પ્રતિનિધિ તરીકે નિયુક્ત કરવામાં આવે છે.
- આ પ્રતિનિધિઓને આરોગ્ય ક્ષેત્રે તેમની ટેકનિકલ ક્ષમતાના આધારે યોગ્ય વ્યક્તિઓમાંથી પસંદ કરવામાં આવે છે. કારણ કે તેઓ સભ્ય રાષ્ટ્રના રાષ્ટ્રીય આરોગ્ય વહીવટનું પ્રાધન્યપૂર્વક પ્રતિનિધિત્વ કરે છે.
- વર્લ્ડ હેલ્થ એસેમ્બલી નિયમિતપણે વાર્ષિક સત્રોમાં અને ક્યારેક વિશેષ સત્રોમાં મળે છે.

- વિશ્વ સ્વાસ્થ્ય સભાના કાર્યો નીચે મુજબ છે :

1. વિશ્વ સ્વાસ્થ્ય સભા WHOની નીતિઓ નક્કી કરે છે.
2. તે સંસ્થાની નાણાકીય નીતિઓ પર નજર રાખે છે અને બજેટની સમીક્ષા કરે છે અને મંજૂર કરે છે.
3. તે WHO અને સંયુક્ત રાષ્ટ્ર વચ્ચેના કોઈપણ કરારો અંગે આર્થિક અને સામાજિક પરિષદને અહેવાલ આપે છે.

## માન્યતા પ્રાપ્ત સામાજિક આરોગ્ય કાર્યકર્તા (ASHA)

ASHA (About Accredited Social health Activist) એ રાષ્ટ્રીય ગ્રામીણ સ્વાસ્થ્ય મિશન (NHRM)ના મુખ્ય ઘટકોમાંનું એક છે.

- તે 25-45 વર્ષની વય જૂથમાં સામાજિક આરોગ્ય કાર્યકર છે.
- જે મહિલાઓ અને બાળકો સહિત ગ્રામીણ વસતીના વંચિત વર્ગની આરોગ્ય સંબંધિત જરૂરિયાતોને પહોંચી વળવા સંપર્કના પ્રથમ બિંદુ તરીકે કાર્ય કરે છે.
- સામાન્ય રીતે 1000 વસતી દીઠ એક આશા કાર્યકર હોય છે.
- જોકે આદિવાસી, ડુંગરાળ અને રણ વિસ્તારમાં કામના ભારણના આધારે આ માપદંડને 'વસાહત દીઠ એક આશા' સુધી ઘટાડી શકાય છે.
- લોકોને પોષણ, મૂળભૂત સ્વચ્છતા અને આરોગ્યપદ પદ્ધતિઓ, સ્વસ્થ જીવન અને કામ કરવાની પરિસ્થિતિઓ વગેરે વિશે માહિતી આપીને આરોગ્ય નિર્ધારકો વિશે જાગૃતિ લાવે છે.
- જન્મની તૈયારી, સલામત પ્રસૂતિનું મહત્વ, સ્તનપાન, ગર્ભનિરોધક, રસીકરણ, બાળ સંભાળ અને પ્રજનન અંગે મહિલાઓ સાથે પરામર્શ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## આંતર-રાજ્ય પરિષદ (Inter-State Council)




તાજેતરમાં આંતર–રાજ્ય પરિષદ (ISC)નું પુનર્ગઠન કરવામાં આવ્યું છે. જેમાં વડાપ્રધાન અધ્યક્ષ તરીકે અને તમામ રાજ્યના મુખ્યમંત્રીઓ અને છ કેન્દ્રીય મંત્રીઓ સભ્ય તરીકે છે.

- દસ કેન્દ્રીય મંત્રીઓ આંતર–રાજ્ય પરિષદમાં કાયમી આમંત્રિત હશે.
- સરકારે આંતર–રાજ્ય પરિષદની સ્થાયી સમિતિની પણ પુનઃરચના કરી છે જેમાં કેન્દ્રીય ગૃહમંત્રી અધ્યક્ષ છે.
- આંધ્રપ્રદેશ, આસામ, બિહાર, ગુજરાત, મહારાષ્ટ્ર, ઓડિશા, પંજાબ અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીઓ પણ આંતર–રાજ્ય પરિષદની સ્થાયી સમિતિના સભ્યો છે.

## આંતર-રાજ્ય પરિષદ

કેન્દ્ર અને રાજ્યો વચ્ચે હાલની વ્યવસ્થાઓની કામગીરીની સમીક્ષા કરવા માટે કેન્દ્ર સરકારે <u>ન્યાયમૂર્તિ આર.એસ. સાકરિયા</u>ની અધ્યક્ષતામાં વર્ષ <u>1988</u>માં એક કમિશનની રચના કરવામાં આવી હતી.

- સાકરિયા કમિશને ભારતીય બંધારણના <u>અનુચ્છેદ 263</u> અનુસાર વ્યાખ્યાયિત આદેશના અનુસંધાનમાં પરામર્શ માટે સ્વતંત્ર રાષ્ટ્રીય મંચ તરીકે આંતર–રાજ્ય પરિષદની સ્થાપના કરવા માટે એક મહત્વપૂર્ણ ભલામણ કરી હતી.
- ત્યારબાદ સાકરિયા કમિશનની ભલામણ પર રાષ્ટ્રપતિના આદેશ દ્વારા <u>28 મે, 1990</u>ના રોજ <u>'આંતર–રાજ્ય પરિષદ'</u>ની સ્થાપના કરવામાં આવી હતી.

## આંતર-રાજ્ય પરિષદની ફરજો

(a) આંતર–રાજ્ય પરિષદને રાજ્યો વચ્ચે ઉદ્‌ભવતા વિવાદોની પૂછપરછ કરવા અને સલાહ આપવા, કેટલાંક અથવા તમામ રાજ્યો અથવા કેન્દ્ર અને એક અથવા વધુ રાજ્યોની સામાન્ય હિતની બાબતોની પૂછપરછ અને ચર્ચા કરવા માટે સત્તા આપવામાં આવી છે.

(b) કેન્દ્ર, રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોના હિતના વિષયો પર વિચાર–વિમર્શ કરવો.

(c) સરકારની નીતિઓને કેન્દ્ર અને રાજ્યોમાં સારી રીતે ક્રિયાન્વીત કરવાની ભલામણ કરવી.

નોંધઃ (1) પરિષદ વર્ષમાં ઓછામાં ઓછી ત્રણ વખત મળી શકે છે.

(2) પરિષદની એક સ્થાયી સમિતિ પણ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## માળખું



## કાર્યો

દેશમાં સહકારી સંઘવાદને પ્રોત્સાહન આપવા અને તેને ટેકો આપવા અને નિયમિત બેઠકો યોજીને કાઉન્સિલ અને ઝોનલ કાઉન્સિલોને સક્રિય કરવા માટે મજબૂત સંસ્થાકીય માળખુ બનાવવું.

- પ્રાદેશિક પરિષદો અને આંતર–રાજ્ય પરિષદ દ્વારા કેન્દ્ર–રાજ્ય અને આંતર–રાજ્ય સંબંધોના તમામ બાકી અને ઉભરતા મુદ્દાઓની વિચારણાની સુવિધા આપે છે.
- તેમના દ્વારા રજૂ કરાયેલી ભલામણોના અમલીકરણ પર દેખરેખ રાખવા માટે સિસ્ટમ વિકસાવવી.

## આંતર-રાજ્ય પરિષદની સ્થાયી સમિતિ

પરિષદની વિચારણા માટે સતત પરામર્શ અને બાબતોની પ્રક્રિયા માટે વર્ષ 1996માં તેની સ્થાપના કરવામાં આવી હતી.

- સ્થાયી સમિતિમાં નીચેના સભ્યોનો સમાવેશ થાય છે :
  (a) અધ્યક્ષ : કેન્દ્રીય ગૃહમંત્રી
  (b) પાંચ કેન્દ્રીય મંત્રીઓ
  (c) આંતર–રાજ્ય પરિષદ સચિવાલયને મદદ કરવા નવ મુખ્યમંત્રીઓની કાઉન્સિલ
- આ સચિવાલયની સ્થાપના વર્ષ 1991માં કરવામાં આવી હતી અને તેનું નેતૃત્વ ભારત સરકારના સચિવ દ્વારા કરવામાં આવે છે.
- વર્ષ 2011થી તે ઝોનલ કાઉન્સિલના સચિવાલય તરીકે પણ કાર્યરત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# શ્રી વિનયકુમાર સક્સેના દિલ્હીના નવા ઉપરાજ્યપાલ બન્યા



તાજેતરમાં રાષ્ટ્રપતિ શ્રી રામ નાથ કોવિંદે શ્રી વિનય કુમાર સક્સેનાને દિલ્હીના ઉપરાજ્યપાલ (લેફ્ટનન્ટ ગવર્નર) તરીકે નિયુક્ત કર્યા છે.

- તેઓ ઉપરાજ્યપાલ તરીકે શ્રી અનિલ બૈજલનું સ્થાન લેશે.
- ઉપરાજ્યપાલ તરીકે નિયુક્ત થતા પહેલા તેમણે ખાદી અને ગ્રામોદ્યોગ કમિશનના અધ્યક્ષ તરીકે સેવા આપી હતી.
- આ અગાઉ તેમણે અનેક સમિતિના સભ્ય તરીકે સેવા આપી છે.
- 5 માર્ચ, 2021ના રોજ તેમને કેન્દ્ર સરકાર દ્વારા દેશની 75મી સ્વતંત્રતાની વર્ષગાંઠની ઉજવણી માટે રચાયેલી રાષ્ટ્રીય સમિતિના સભ્યોમાંના એક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.
- તદઉપરાંત નવેમ્બર, 2020માં કેન્દ્ર સરકારે તેમને ઉચ્ચ સત્તાવાળા પદ્મ પુરસ્કાર પસંદગી સમિતિના સભ્યો તરીકે પણ નામાંકિત કર્યા હતા.

1. 'વિશ્વ થાઈરોઈડ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 23 મે (B) 24 મે (C) 25 મે (D) 26 મે — (C)

2. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'ગુમ થયેલા બાળકો માટેના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 23 મે (B) 24 મે (C) 25 મે (D) 26 મે — (C)

3. તાજેતરમાં ભારતે જાપાનના ટોક્યોમાં કયા દેશ સાથે ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એગ્રીમેન્ટ (IIA) પર હસ્તાક્ષર કર્યા હતા ?

(A) USA (B) UAE (C) UK (D) એકપણ નહીં — (A)

4. તાજેતરમાં શ્રી એન્થોની અલ્બેનીઝ કયા દેશના વડાપ્રધાન બન્યા છે ?

(A) ન્યૂઝિલેન્ડ (B) ઓસ્ટ્રેલિયા (C) ફ્રાન્સ (D) પોર્ટુગલ — (B)

5. તાજેતરમાં 22 થી 28 મે દરમિયાન જીનીવામાં 'વિશ્વ સ્વાસ્થ્ય સભા' અથવા 'વર્લ્ડ હેલ્થ એસેમ્બલ'નું કેટલામું સત્ર યોજાયુ હતું ?

(A) 72 મુ (B) 73 મુ (C) 74 મુ (D) 75 મુ — (D)

6. આંતર–રાજ્ય પરિષદ (Inter-State Council) સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) તેના અધ્યક્ષ વડાપ્રધાન હોય છે.

(B) તમામ રાજ્યોના મુખ્યમંત્રી, વિધાનસભા ધરાવતા કેન્દ્રશાસિત પ્રદેશના મુખ્યમંત્રી તથા કેન્દ્રશાસિત પ્રદેશના વહીવટદારો તેના સભ્યો હોય છે.

(C) તેના માળખામાં વડાપ્રધાન દ્વારા નામાંકિત થયેલ 6 કેબિનેટમંત્રી પણ હોય છે.

(D) ઉપરોક્ત તમામ — (D)

7. તાજેતરમાં દિલ્હીના ઉપરાજ્યપાલ (લેફ્ટનન્ટ ગવર્નર) તરીકે કોને નિયુક્ત કરવામાં આવ્યા છે ?

(A) શ્રી અરવિંદ ત્રિવેદી (B) શ્રી અરવિંદ મનોહર

(C) શ્રી વિનયકુમાર સક્સેના (D) શ્રી વિનય ત્રિવેદી — (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# સુપ્રીમ કોર્ટે એક વ્યવસાય તરીકે સેક્સ વર્કને માન્યતા આપી

તાજેતરમાં એક સીમાચિહ્નરૂપ આદેશમાં સુપ્રીમ કોર્ટે સેક્સ વર્કને 'વ્યવસાય' તરીકે માન્યતા આપી છે.

- અને જણાવ્યું હતું કે તેના વ્યવસાયિક કાયદા હેઠળ સન્માન અને સમાન સુરક્ષા માટે હકદાર છે.
- સુપ્રીમ કોર્ટે બંધારણના અનુચ્છેદ 142 હેઠળ તેની વિશેષ સત્તાનો ઉપયોગ કર્યો હતો.
- અનુચ્છેદ 142 સુપ્રીમ કોર્ટને વિવેકાધીન સત્તા આપે છે, તે જણાવે છે કે સુપ્રીમ કોર્ટ તેના અધિકારક્ષેત્રનો ઉપયોગ કરીને આવું હુકમનામું પસાર કરી શકે છે અથવા એવો આદેશ કરી શકે છે કે તે પહેલા પેન્ડિંગ કોઈપણ બાબતમાં સંપૂર્ણ ન્યાય કરવા માટે જરૂરી હોય.
- નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશન (NHRC)એ વર્ષ 2020માં સેક્સ વર્કર્સને અનૌપાચારિક વર્કર તરીકે માન્યતા આપી હતી.

## સુપ્રીમ કોર્ટના ચુકાદાની મુખ્ય વિશેષતાઓ

### ફોજદારી કાયદો

સેક્સ વર્કર્સ કાયદા હેઠળ સમાન રક્ષણ મેળવવા માટે હકદાર છે અને ફોજદારી કાયદો 'ઉંમર' અને 'સંમતિ'ના આધારે તમામ કેસોમાં સમાનરૂપે લાગુ થવો જોઈએ.

- જ્યારે તે સ્પષ્ટ છે કે સેક્સ વર્કર પુખ્ત છે અને સંમતિથી ભાગ લઈ રહી છે, ત્યારે પોલીસે દખલગીરી અથવા કોઈપણ ગુનાહિત પગલાં લેવાથી દૂર રહેવુ જોઈએ.
- અનુચ્છેદ 21 જાહેર કરે છે કે કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા સિવાય કોઈપણ વ્યક્તિને તેના જીવન અથવા વ્યક્ગિત સ્વતંત્રતાથી વંચિત રાખવામાં આવશે નહીં.
- આ અધિકાર નાગરિકો અને બિન–નાગરિકો બંને માટે ઉપલબ્ધ છે.
- સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે જ્યારે પણ પોલીસ વેશ્યાલય પર દોરડો પાડે છે ત્યારે સેક્સ વર્કરોની ધરપકડ અથવા સજા કે હેરાન કે પીડિત ન કરવું જોઈએ.
- કારણ કે સ્વૈચ્છિક સેક્સ વર્ક ગેરકાયદેસર નથી, જ્યારે વેશ્યાલય ચલાવવું ગેરકાયદેસર છે.

### તબીબી સંભાળ

જાતીય હુમલાનો ભોગ બનેલા સેક્સ વર્કરોને તાત્કાલિક કાનૂની અને તબીબી સંભાળ સમાવિષ્ટ દરેક સુવિધા પૂરી પાડવી જોઈએ.

- સુપ્રીમ કોર્ટે પોલીસને તે સેક્સ વર્કર સાથે ભેદભાવ ન કરવા માટે પણ સૂચના આપી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સેક્સ વર્કરના બાળકના અધિકારો

સેક્સ વર્કરના બાળકોને માત્ર વ્યવસાયના આધારે તેમની માતાથી અલગ ન થવું જોઈએ.

- સેક્સ વર્કર્સ અને તેમના બાળકોને ગૌરવ અને માનવીય શિષ્ટાચારનું મૂળભૂત રક્ષણ પૂરું પાડવું જોઈએ.
- વધુમાં જો કોઈ સગીર વેશ્યાગૃહમાં અથવા સેક્સ વર્કર્સ સાથે રહેતો હોવાનું જાણવા મળે તો એવુ ન માનવું જોઈએ કે બાળકની હેરફેર કરવામાં આવી છે.
- જો સેક્સ વર્કર બાળક પોતાનો હોવાનો દાવો કરે છે તો દાવાની સત્યતા નક્કી કરવા માટે પરીક્ષણો કરી શકાય છે અને જો તે સાચું હોય તો સગીરને બળજબરીથી અલગ ન કરવો જોઈએ.

## મીડિયાની ભૂમિકા

મીડિયાએ ખૂબ કાળજી લેવી જોઈએ કે સેક્સ વર્કરોની ઓળખ, પીડિત હોય કે આરોપી, ધરપકડ, દરોડા અને બચાવ કામગીરી દરમિયાન જાહેર ન થાય અને તેમની ઓળખ છતી કરતી કોઈપણ તસ્વીરો પ્રકાશિત કે પ્રસરિત ન કરે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# પરમ પોરુલ સુપર કમ્પ્યૂટર (PARAM PORUL Super Computer)



તાજેતરમાં NIT તિરુચિરાપલ્લી ખાતે પરમ પોરુલ નામના અત્યાધુનિક સુપર કમ્પ્યૂટરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યુ હતું.

- આ સુપરકમ્પ્યૂટિંગ સુવિધા નેશનલ સુપરકોમ્પ્યુટિંગ મિશન (NSM)ના બીજા તબક્કા હેઠળ સ્થાપિત કરવામાં આવી છે.
- આ સુપર કમ્પ્યૂટર બનાવવા માટે ઉપયોગમાં લેવાતા મોટા ઘટકો ભારતમાં જ એસેમ્બલ અને ઉત્પાદિત કરવામાં આવ્યા છે.
- તેમાં સોફ્ટવેર સ્ટેકનો પણ સમાવેશ થાય છે જે સરકારની મેક ઈન ઈન્ડિયા પહેલને અનુરૂપ સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઈન એડવાન્સ્ડ કમ્પ્યુટિંગ (C-DAC) દ્વારા સ્વદેશી રીતે વિકસિત કરવામાં આવ્યો છે.
- NIT તિરુચિરાપલ્લિ (તમિલનાડુ) કૃષિ, આરોગ્ય, નાણાકીય સેવાઓ અને હવામાન જેવા વિવિધ ક્ષેત્રોમાં સંશોધન કરી રહી છે.

## પરમ પોરુલની વિશેષતાઓ

ઉચ્ચ પાવર ઉપયોગ અસરકારકતા હાંસલ કરવા માટે સિસ્ટમ ડાયરેક્ટ કનેક્ટેડ લિક્વિડ કૂલિંગ ટેકનોલોજી પર આધારિત છે, જે ઓપરેટિંગ ખર્ચ ઘટાડવામાં મદદ કરે છે.

- આ સિસ્ટમ નિચેના મિશ્રણથી સજ્જ છે :

  (1) GPU નોડ્સ

  (2) CPU નોડ્સ

  (3) ઉચ્ચ થ્રુપુટ સ્ટોરેજ

  (4) ઉચ્ચ મેમરી નોડ્સ

- વિવિધ એન્જિનિયરિંગ અને સાયન્ટિફિક એપ્લિકેશનની કમ્પ્યુટિંગ જરૂરિયાતોને પહોંચી વળવા આ તમામ સિસ્ટમમાં સજ્જ છે.

## પરમ પોરુલ સિસ્ટમ ઈન્સ્ટોલ કરવાના ફાયદા

આ સુવિધા NSM હેઠળ સ્થાપિત કરવામાં આવી છે અને તે વિવિધ ક્ષેત્રોમાં સંશોધનને મજબૂત બનાવશે.

- આ સુપર કોમ્પ્યુટેશનલ સુવિધા સંશોધકોને ઈજનેરી અને વિજ્ઞાનના વિવિધ ક્ષેત્રોમાં વિશાળ શ્રેણીની સમસ્યાઓ ઉકેલવામાં પણ મદદ કરશે.
- આ સુવિધા ભારતીય ઉદ્યોગો અને શૈક્ષણિક ક્ષેત્રોમાંથી ઘણી એપ્લિકેશનો સ્થાપિત કરવામાં આવી છે. જેમ કે :

(a) બાયોઈન્ફોર્મેટિક્સ

(b) હવામાન અને આબોહવા

(c) મોલેક્યુલર ડાયનેમિક્સ

(d) કોમ્પ્યુટેશનલ કેમિસ્ટ્રી

(e) કોમ્પ્યુટેશનલ પ્રવાહી ગતિશીલતા

(f) સામગ્રી વિજ્ઞાન

## નેશનલ સુપરકોમ્પ્યૂટિંગ મિશન (NSM) વિશે

નેશનલ સુપરકોમ્પ્યૂટિંગ મિશન 2015માં શરૂ કરવામાં આવ્યું હતું.

- જેથી દેશની સંશોધન ક્ષમતાઓને સુધારવા અને તેમને સુપરકમ્પ્યૂટિંગ ગ્રીડ સાથે જોડી શકાય.
- નેશનલ નોલેજ નેટવર્ક (NKN) આ ક્ષેત્રમાં કરોડરજ્જુ તરીકે કામ કરી રહ્યું છે.
- આ મિશન હેઠળ 64 પેટાફલોપ્સની સંચિત શક્તિ સાથે 24 સુવિધાઓના નિર્માણ અને અમલીકરણની યોજના છે.
- તે સરકારના ડિજિટલ ઈન્ડિયા અને મેક ઈન ઈન્ડિયા પહેલના વિઝનને સમર્થન આપે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ મિશન ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (DST) અને ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય (Meity) દ્વારા સંયુક્ત રીતે ચલાવવામાં આવી રહ્યું છે.
- સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ કમ્પ્યુટિંગ (C-Dac)- પૂણે અને IISc (બેંગ્લોર) દ્વારા તેનો અમલ કરવામાં આવી રહ્યો છે.
- આ મિશનનું આયોજન ત્રણ તબક્કામાં કરવામાં આવ્યુ હતું.

નોંધઃ (1) આ મિશનના તબક્કો 1 અને 2 હેઠળ IIT, C-DAC, NIT, JNCASR અને IISER ખાતે 22 પેટાફ્લોપ્સની કમ્પ્યૂટર પાવર સાથે 15 સિસ્ટમો બનાવવામાં આવી છે.

(2) જાપાનનું ફૂગાકુ વિશ્વનું સૌથી ઝડપી સુપર કમ્પ્યૂટર છે.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કેપ્ટન અભિલાષા બરાક



હરિયાણાની દિકરી કેપ્ટન અભિલાષા બરાકને કોમ્બેટ એવિએટર (Combat Aviator) તરીકે આર્મીમાં સામેલ કરવામાં આવ્યા છે.

- આ સાથે આ પદ પર પહોંચનાર તેઓ પ્રથમ મહિલા અધિકારી છે.
- કેપ્ટન અભિલાષા બરાકે સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કરી છે.
- ત્યાર પછી તેમને કોમ્બેટ એવિએટર તરીકે આર્મી એવિએશન કોર્પ્સમાં સામેલ કરવામાં આવ્યા છે.
- તેમને 2072 આર્મી એવિએશન સ્વોડ્રનની બીજી ફલાઈટ માટે નિયુક્ત કરવામાં આવ્યા છે જે ધ્રુવ એડવાન્સ લાઈટ હેલિકોપ્ટરનું સંચાલન કરે છે.
- કેપ્ટન અભિલાષા બરાક નિવૃત્ત કર્નલ એસ.ઓમ.સિંહની પુત્રી છે.

નોંધઃ (1) આર્મી એવિએશન કોર્પ્સની સ્થાપના 1 નવેમ્બર, 1986ના રોજ કરવામાં આવી હતી. તે ભારતીય સેનાનો એક ઘટક છે.

(2) આર્મી એવિએશન કોર્પ્સ ઓપરેશન દરમિયાન અથવા ઉચ્ચ ઊંચાઈવાળા વિસ્તારોમાંથી સ્વાસ્થ્ય કટોકટી દરમિયાન ઘાયલ સૈનિકોને બહાર કાઢવાની પ્રાથમિક કામગીરી કરે છે.

1. તાજેતરમાં સુપ્રીમ કોર્ટે એક વ્યવસાય તરીકે સેક્સ વર્કને માન્યતા આપી છે. આ ચૂકાદા સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. સુપ્રીમ કોર્ટે બંધારણના અનુચ્છેદ 142 હેઠળ તેની વિશેષ સત્તાનો ઉપયોગ કરી સેક્સ વર્કને વ્યવસાય તરીકે માન્યતા આપી છે.

2. સુપ્રીમ કોર્ટે આ ચૂકાદામાં જણાવ્યું છે કે સેક્સ વર્કર્સ કાયદા હેઠળ સમાન રક્ષણ મેળવવા માટે હકદાર છે. અને ફોજદારી કાયદો ઉંમર અને સંમતિના આધારે તમામ કેસોમાં સમાનરૂપે લાગુ થવો જોઈએ.

3. સુપ્રીમ કોર્ટે જણાવ્યુ કે સેક્સ વર્ક ગેરકાયદેસર નથી, જ્યારે વેશ્યાલય ચલાવવું ગેરકાયદેસર છે.

4. આ ચૂકાદામાં સુપ્રીમ કોર્ટે પોલીસને વેશ્યાલય પર દોરડો પાડે છે ત્યારે સેક્સ વર્કરોની ધરપકડ, સજા, હેરાન કે ભેદભાવ ન કરવા સૂચના આપી છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1, 2 અને 3

(C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

2. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'પરમ પોરુલ' (PARAM PORUL) શું છે ?

(A) સુપર કમ્પ્યૂટર (B) નૌસેના અભ્યાસ

(C) એક ડ્રોનનું નામ (D) ચક્રવાતનું નામ (A)

3. તાજેતરમાં ..............ને 'કોમ્બેટ એવિએટર' તરીકે આર્મીમાં સામેલ કરવામાં આવ્યા છે. આ સાથે આ પદ પર પહોંચનાર તેઓ પ્રથમ મહિલા અધિકારી બન્યા છે.

(A) કેપ્ટન અભિલાષા બરાક (B) કેપ્ટન અભિલાષા ચૌધરી

(C) કેપ્ટન અભિલાષા શર્મા (D) કેપ્ટન અભિલાષા જોષી (A)

## દિવસ મહિમા : 27 મે, શ્રી જવાહરલાલ નહેરુ પુણ્યતિથિ

## બોંગોસાગર : ભારત-બાંગ્લાદેશ દ્વિપક્ષીય નૌસેના અભ્યાસ



ભારત અને બાંગ્લાદેશ વચ્ચે બોંગોસાગર નૌસેના અભ્યાસની ત્રીજી આવૃત્તિ 24 મે, 2022ના રોજ બાંગ્લાદેશના પોર્ટ મોંગલા ખાતે શરૂ થઈ હતી.

- આ નૌસેના અભ્યાસનો બંદર તબક્કો 24 થી 25 મે, 2022 દરમિયાન હાથ ધરવામાં આવ્યો હતો.
- આ પછી 26 થી 27 મે, 2022 દરમિયાન ઉત્તર બંગાળાની ખાડીમાં સમુદ્રી તબક્કાનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ અભ્યાસનો ઉદ્દેશ્ય બંને નૌકાદળો વચ્ચે વિવિધ દરિયાઈ મિશન અને કવાયતના સંચાલન દ્વારા ઉચ્ચ સ્તરની ક્રિયા પ્રતિક્રિયા સાથે સંયુક્ત ઓપરેશનલ કૌશલ્ય વિકસાવવાનો છે.
- આ અભ્યાસ દરમિયાન બંને દેશોની નૌકાદળોએ વિવિધ ઓપરેશનલ પ્રક્રિયાઓ પર ચર્ચા કરી હતી.
- આ ઉપરાંત સમુદ્રમાં કવાયત હાથ ધરવા માટેની વ્યૂહાત્મક સ્તરની યોજના અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.
- ભારતીય નૌકાદળનું પ્રતિનિધિત્વ સ્વદેશી રીતે બનાવેલ ઓફશર પેટ્રોલ વેસલ સુમેધા અને ગાઈડેડ મિસાઈલ કોર્વેટ કોરા દ્વારા કરવામાં આવ્યું હતું.
- જ્યારે બાંગ્લાદેશની નૌકાદળનું પ્રતિનિધિત્વ ગાઈડેડ–મિસાઈલ ફ્રિગેટ્સ BNS અલી હૈદર અને અબુ ઉબૈદાએ કર્યુ હતું.

**નોંધ:** (1) સંપ્રતિ યુદ્ધ અભ્યાસ ભારત–બાંગ્લાદેશની થલસેના વચ્ચે યોજાય છે.

(2) જ્યારે બાંગ્લાદેશ સાથેના અન્ય બહુરાષ્ટ્રીય યુદ્ધ અભ્યાસમાં શાંતિર ઓગ્રોશેના (લશ્કરી કવાયત), ટેબલ ટોપ (વાયુ સેના), IN-BN કોર્વેટ (નૌકાદળ) અને SAMVEDNA (બાંગ્લાદેશ, નેપાળ, શ્રીલંકા અને UAEની સાથે બહુરાષ્ટ્રીય વાયુસેના અભ્યાસ)નો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# WEF Travel and Tourism Development Index - 2021

વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF)ના ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ડેવલપમેન્ટ ઈન્ડેક્સ 2021માં ભારત 54મા ક્રમે છે.

- વર્ષ 2019માં ભારત આ ઈન્ડેક્સમાં 46મા ક્રમે હતું.
- જોકે, ભારત હજુ પણ દક્ષિણ એશિયા ક્ષેત્રમાં ટોચ પર છે.
- વર્ષ 2021 માટે આ ઈન્ડેક્સમાં જાપાન પ્રથમ ક્રમે છે.
- ત્યારબાદ અમેરિકા બીજા અને સ્પેન ત્રીજા ક્રમે છે.
- આ ઈન્ડેક્સમાં ભારત 4.2ના સ્કોર સાથે 54મા ક્રમે છે.
- જ્યારે આ ઈન્ડેક્સમાં અંતિમ 117મા ક્રમે ચાડ દેશ છે.

**WEF Travel and Tourism Development Index 2021**

| રેન્ક | દેશ | સ્કોર |
|---|---|---|
| 1 | જાપાન | 5.2 |
| 2 | અમેરિકા | 5.2 |
| 3 | સ્પેન | 5.2 |
| 4 | ફ્રાન્સ | 5.1 |
| 5 | જર્મની | 5.1 |
| 54 | ભારત | 4.1 |
| 117 | ચાડ | 2.5 |

નોંધ: (1) વર્લ્ડ ઈકોનોમિક ફોરમના ટ્રાવેલ એન્ડ ટુરીઝમ ડેવલપમેન્ટ ઈન્ડેક્સ 2021માં 117 દેશોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

(2) આ સૂચકાંક દર્શાવે છે કે વિવિધ સકારાત્મક વલણો હોવા છતાં પ્રવાસન ઉદ્યોગ હજુ પણ અવરોધોનો સામનો કરી રહ્યું છે.

(3) આ ઈન્ડેક્સ દ્વિવાર્ષિક રીતે પ્રકાશિત કરવામાં આવે છે.

## ભારત ડ્રોન મહોત્સવ 2022



ભારતમાં સૌથી મોટો ડ્રોન ફેસ્ટિવલ 27મી મે, 2022ના રોજ શરૂ થયો હતો.

- જેને ઈન્ડિયા ડ્રોન ફેસ્ટિવલ 2022 તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ ફેસ્ટિવલનું આયોજન નવી દિલ્હી પ્રગતિ મેદાનમાં કરવામાં આવ્યું હતું. જેનું ઉદ્‌ઘાટન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યુ હતું.
- ડ્રોન માનવરહિત વાહનો (UAV) છે એટલે કે માનવ પાઈલટ, મુસાફર અથવા ક્રૂ વિનાનું વિમાન છે.
- ઈન્ડિયા ડ્રોન ફેસ્ટિવલ 2022 એ ભારતનો અત્યાર સુધીનો સૌથી મોટો ડ્રોન ફેસ્ટિવલ છે.
- આ ફેસ્ટિવલમાં વિદેશી રાજદ્વારીઓ, સરકારી અધિકારીઓ, કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો, ખાનગી કંપનીઓ, ડ્રોન સ્ટાર્ટઅપ સહિત 1600 થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.



1. શ્રી જવાહરલાલ નહેરુની પુણ્યતિથિ તરીકે ભારતમાં કયો દિવસ ઉજવાય છે ?

(A) 25 મે (B) 26 મે (C) 27 મે (D) 28 મે (C)

2. તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે 'બોંગોસાગર' દ્વિપક્ષીય નૌસેના અભ્યાસ યોજાયો હતો ?

(A) બાંગ્લાદેશ (B) શ્રીલંકા (C) નેપાળ (D) મ્યાનમાર (A)

3. WEFના ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ડેવલપમેન્ટ ઈન્ડેક્સ-2021માં ભારત કેટલામાં ક્રમે છે ?

(A) 46મા (B) 48મા (C) 50મા (D) 54મા (D)

4. WEFના ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ડેવલપમેન્ટ ઈન્ડેક્સ 2021માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?

(A) જાપાન (B) સ્પેન (C) જર્મની (D) સ્વીત્ઝર્લેન્ડ (A)

4. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા સ્થળે ભારતના સૌથી મોટા ડ્રોન ફેસ્ટિવલ 'ભારત ડ્રોન મહોત્સવ 2022'નું ઉદ્‌ઘાટન કર્યુ હતું ?

(A) અમદાવાદ (B) લખનૌ (C) નવી દિલ્હી (D) ચેન્નાઈ (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 28 મે, (1) વિશ્વ ભૂખ દિવસ (World Hunger Day)
## (2) વિશ્વ ડુગોંગ દિવસ (World Dongong Day)
## (3) વિશ્વ માસિક ધર્મ સ્વચ્છતા દિવસ

### વિશ્વ ભૂખ દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 28 મે ના રોજ 'વિશ્વ ભૂખ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- વિશ્વ ભૂખ દિવસ એ 'The Hunger Project' નામના એક વૈશ્વિક સંગઠન દ્વારા શરૂ કરવામાં આવેલી એક પહેલ છે.
- 'ધ હંગર પ્રોજેક્ટ'એ વૈશ્વિક સ્તરે ભૂખ માટે તર્ક સંગત ઉપાયો શોધવા માટે પ્રતિબદ્ધ વૈશ્વિક સંગઠન છે.
- આ સંગઠનની સ્થાપના વર્ષ 1977માં થઈ હતી.

### વિશ્વ ડુગોંગ દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 28 મે ના રોજ 'વિશ્વ ડુગોંગ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ડુગોંગ એ વિશ્વનું એકમાત્ર શાકાહારી સમુદ્રી સ્તનધારી છે.
- તેને 'સમુદ્રી ગાય' (Sea Cow) તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ જીવ અત્યારે લુપ્ત થવાની કગાર પર છે.
- આથી, તેના સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### વિશ્વ માસિક ધર્મ સ્વચ્છતા દિવસ

વિશ્વ માસિક ધર્મ સ્વચ્છતા દિવસ (World Menstrual Hygiene Day) દર વર્ષે 28 મે ના રોજ ઉજવવામાં આવે છે.

- આ દિવસ સમગ્ર વિશ્વમાં સામાજિક કલંકને દૂર કરવા અને માસિક સ્ત્રાવની સ્વચ્છતા જાળવવા અંગે જાગૃતિ લાવવા માટે ઉજવવામાં આવે છે.
- માસિક સ્વચ્છતા દિવસ એ એક વૈશ્વિક અભિયાન છે જે વિશ્વભરની મહિલાઓ અને દિકરીઓ માટે માસિક સ્ત્રાવના સ્વાસ્થ્ય અને સ્વચ્છતાને વધુ સારી રીતે પ્રોત્સાહન આપવા માટે બિન–લાભાકારી સંસ્થાઓ, સરકારી એજન્સીઓ, ખાનગી ક્ષેત્ર અને મીડિયાને સાથે લાવે છે.
- માસિક સ્વચ્છતા દિવસ અભિયાન જર્મન બિન–લાભાકારી સંસ્થા 'વૉશ યુનાઈટેડ' દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું.

# સુશ્રી ગીતાંજલી શ્રીએ વર્ષ 2022નું આંતરરાષ્ટ્રીય બુકર પ્રાઈઝ જીત્યું




ભારતીય લેખિકા સુશ્રી ગીતાંજલી શ્રી (Geetanjali Shree)એ અમેરિકન અનુવાદક ડેઝી રોકવાલ સાથે 'Tomb of Sand'નામના પુસ્તક માટે 2022નું 'આંતરરાષ્ટ્રીય બુકર પ્રાઈઝ' જીત્યુ છે.

- આ પુસ્તક મૂળરૂપે હિન્દીમાં લખાયેલું છે અને આ હાઈ–પ્રોફાઈલ એવોર્ડ મેળવનાર કોઈપણ ભારતીય ભાષામાં પ્રથમ પુસ્તક છે.
- આ પુસ્તકનું મૂળનામ 'રેત સમાધી' (અથવા રેતી સમાધી) છે.
- આ પુસ્તક સુશ્રી ગીતાજંલી શ્રી દ્વારા લખવામાં આવ્યું છે અને ડેઝી રોકવેલ દ્વારા અંગ્રેજીમાં અનુવાદિત કરવામાં આવ્યું છે.
- આ પુસ્તકમાં 80 વર્ષીય મહિલાની વાર્તા છે જે તેના પતિના મૃત્યુ પછી ગહન હતાશાનો અનુભવ કરે છે.

## સુશ્રી ગીતાંજલી શ્રી

સુશ્રી ગીતાંજલી શ્રી નો જન્મ ઉત્તરપ્રદેશના મૈનપુરી શહેરમાં થયો હતો.

- તેઓ ગીતાંજલી પાંડે તરીકે પણ ઓળખાય છે.
- તેમણે ઘણી ટૂંકી વાર્તાઓ અને નવલકથા પણ લખી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આંતરરાષ્ટ્રીય બુકર પુરસ્કાર

આંતરરાષ્ટ્રીય બુકર પુરસ્કાર અથવા ઈન્ટરનેશનલ બુકર પ્રાઈઝ દર વર્ષે અંગ્રેજીમાં અનુવાદિત અને યુકે અથવા આયર્લેન્ડમાં પ્રકાશિત થયેલા પુસ્તકને આપવામાં આવે છે.

- ઈન્ટરનેશનલ બુકર પ્રાઈઝની શરૂઆત વર્ષ 2005માં મેન બુકર ઈન્ટરનેશનલ પ્રાઈઝ તરીકે થઈ હતી.
- તેનો મુખ્ય ઉદ્દેશ વિશ્વભરના આંતરરાષ્ટ્રીય સાહિત્યના વધુ પ્રકાશન અને વાંચનને પ્રોત્સાહિત કરવાનો અને અનુવાદકોના કાર્યને પ્રોત્સાહન આપવાનો છે.
- ઈન્ટરનેશનલ બુકર પ્રાઈઝ વર્ષ 2019 સુધી મેન બુકર ઈન્ટરનેશનલ પ્રાઈઝ તરીકે જાણીતો હતો.
- આ પુરસ્કાર અંતર્ગત 50,000 પાઉન્ડ લેખક અને અનુવાદક વચ્ચે વહેંચવામાં આવે છે.

## મેન બુકર પ્રાઈઝ અને આંતરરાષ્ટ્રીય બુકર પ્રાઈઝ

વાસ્તવમાં બ્રિટનમાં દર વર્ષે બે બુકર પ્રાઈઝ એનાયત થાય છે : (1) મેન બુકર પ્રાઈઝ અને (2) ઈન્ટરનેશનલ બુકર પ્રાઈઝ.

- જેમાંથી અંગ્રેજી ભાષામાં લખાયેલી અને અંગ્રેજીમાં ભાષાંતર થયેલી શ્રેષ્ઠ મૂળ નવલકથાને 'મેન બુકર પ્રાઈઝ'થી સન્માનિત કરવામાં આવે છે. જે મેન ગ્રુપ દ્વારા એનાયત થતો બ્રિટનનો ઉચ્ચ પ્રતિષ્ઠા ધરાવતો સાહિત્યિક એવોર્ડ છે.
- જ્યારે અન્ય ભાષામાં લખાયેલી અને અંગ્રેજીમાં ભાષાંતર થયેલી નવલકથાને 'ઈન્ટરનેશનલ બુકર પ્રાઈઝ' (મેન બુકર ઈન્ટરનેશનલ પ્રાઈઝ) થી સન્માનિત કરવામાં આવે છે.



**1.** ધ હંગર પ્રોજેક્ટ દ્વારા 'વિશ્વ ભૂખ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 26 મે (B) 27 મે (C) 28 મે (D) 29 મે (C)

**2.** 'વિશ્વ ડુગોંગ દિવસ' અથવા તો 'વિશ્વ સમુદ્રી ગાય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 26 મે (B) 27 મે (C) 28 મે (D) 29 મે (C)

**3.** 'વિશ્વ માસિક ધર્મ સ્વચ્છતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 26 મે (B) 27 મે (C) 28 મે (D) 29 મે (C)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**4.** વર્ષ 2022નું 'ઈન્ટરનેશનલ બુકર પ્રાઈઝ' કોણે જીત્યુ છે ?

(A) શ્રી વિલિયમ ટ્રેવર (B) સુશ્રી ગીતાંજલી શ્રી

(C) શ્રી ગોર્ડન વિલિયમ્સ (D) સુશ્રી ગીતા શર્મા (B)

**5.** ભારતીય લેખીકા સુશ્રી ગીતાંજલી શ્રીએ અમેરિકન અનુવાદક ડેઝી રોકવાલ સાથે કયા પુસ્તક માટે વર્ષ 2022નું 'ઈન્ટરનેશનલ બુકર પ્રાઈઝ' જીત્યું છે ?

(A) Tomb of Sand (B) A Five year sentence

(C) A night all blood is black (D) The Children of Dynmont (A)

# ONE LINER

## ગુજરાત

- **રાષ્ટ્રીય મેંગો મહોત્સવ 2022**

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરમાં રામ કથા ગ્રાઉન્ડ ખાતે 27 થી 29 મે દરમિયાન ત્રણ દિવસીય 'રાષ્ટ્રીય કેરી મહોત્સવ 2022'નું ઉદ્‌ઘાટન કર્યુ હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ ઉત્સવમાં ભાગ લેનાર વિવિધ રાજ્યોના કેરી ઉત્પાદકો અને વેચાણકર્તાઓને પણ અભિનંદન પાઠવ્યા હતા. આ ઉત્સવમાં કેસર, હાફૂસ, પીયુલ અંબિકા, અરુણિકા, અરુણિમા, પ્રતિભા, પિતાંબરા, લાલીમા, શ્રેષ્ઠ, સુર્યા વગેરે વિવિધ કેરીઓ પ્રદર્શિત કરવામાં આવી હતી.

- **અંબાજીથી ઉમરગામ સુધીના સમગ્ર આદિજાતિ બેલ્ટના વનબંધુઓને રૂ. 20 કરોડના 42 લાખ વાંસના વિનામૂલ્યે વિતરણનો ડેડીયાપાડાથી પ્રારંભ**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના 14 જિલ્લાના આદિજાતિ બાંધવોને વાંસ આધારિત રોજગારી આપી આત્મનિર્ભર બનાવવાની નવતર પહેલના ભાગરૂપે અંબાજીથી ઉમરગામ સુધીના સમગ્ર આદિજાતિ બેલ્ટના વનબંધુઓને રૂ. 20 કરોડના 42 લાખ વાંસના વિનામૂલ્યે વિતરણનો ડેડીયાપાડાથી પ્રારંભ કરાવ્યો હતો. તેમણે જણાવ્યું હતુ કે 'ગ્રીન ગોલ્ડ' એવા વાંસના ઉચ્છેર અને વાંસના ઉદ્યોગની ઈકોસિસ્ટમ ઉભી કરવાની ગુજરાતે દિશા લીધી છે. આ ઉપરાંત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આદિજાતિ યુવાનોના કૌશલ્યને પદ્ધતિસર અને સમયાનુકુલ નિખાર આપવા પ્રધાનમંત્રી કૌશલ્ય યોજના અન્વયે આદિજાતિ વિસ્તારોમાં વાંસ આધારિત 4 કૌશલ્યવર્ધન કેન્દ્રોના લોકાપર્ણ પણ કર્યા હતા. ડેડિયાપાડા, નેત્રંગ, વઘઈ અને કેવડી ખાતે અંદાજિત બે કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા વાંસ આધારિત કૌશલ્યવર્ધન કેન્દ્રોના લોકાર્પણ કરતા તેમણે કહ્યું કે આદિજાતિ વિસ્તારોમાં આ કેન્દ્રો 'વોકલ ફોર લોકલ'નો ધ્યેય પાર પાડશે. આ ઉપરાંત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્લેટિનમ વન ગલ્તેશ્વર અને નાંદોદ તાલુકાના પવિત્ર ઉપવન રામપરાનું પણ ઈ–લોકાર્પણ કર્યુ હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- **રાજ્ય સરકાર અને એનર્જી પોલિસી ઈન્સ્ટિટ્યૂટ યુનિવર્સિટી ઓફ શિકાગો ટ્રસ્ટ ઈન ઈન્ડિયા વચ્ચે MoU**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 2070 સુધીમાં ભારતને નેટ ઝિરો ઈમિશન્સ શૂન્ય ઉત્સર્જન સુધી પહોંચાડવા દર્શાવેલી પ્રતિબદ્ધતામાં ગુજરાતે એક પહેલરૂપ કદમ ભર્યુ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત સરકાર અને એનર્જી પોલિસી ઈન્સ્ટિટયૂટ યુનિવર્સિટી ઓફ શિકાગો તેમજ સાઉથ એશિયાની જે–પાલ વચ્ચે આ અંગેના MoU સંપન્ન થયા હતા. આ MoUના પરિણામે કાર્બન માર્કેટના આયોજન અંગે વિચાર કરનારુ દેશભરમાં પ્રથમ રાજ્ય ગુજરાત બનશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવેમ્બર 2021 ગ્લાસગોમાં યોજાયેલી COP-26માં ભારતને 2070 સુધીમાં નેટ ઝિરો ઈમિશન્સ તરફ લઈ જવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. આ સંદર્ભમાં ભારતે 2030 સુધીમાં 500 ગીગાવોટ નોન–ફોસિલ ફ્યુઅલ ઈલેક્ટ્રિસિટી કેપેસિટી સુધી પહોંચવા પાંચ લક્ષ્યાંકો નિર્ધારિત કરેલા છે. કાર્બન ઈમિશન્સ અંદાજે 1 બિલિયન ટન સુધી ઘટાડવા માટે નવિનીકરણ ઊર્જા રિન્યુએબલ એનર્જી 50 ટકા ફાળો એનર્જી મિક્સમાં આપે છે. ગુજરાત દેશમાં સૌથી વધુ વાયબ્રન્ટ ઈકોનોમી તરીકે ગ્રીન હાઉસ ગેસ ઉત્સર્જનમાં ફાળો આપનારૂ રાજ્ય છે. ગુજરાત સરકારે CO2 માર્કેટ શરૂ કરવા માટે પહેલરૂપ એવા આ MoU કર્યા છે.

## ભારત

- **નવદૂત ડ્યૂઅલ-મોડ લોકોમોટિવ**

નવદૂત એ ભારતીય રેલવેના પશ્ચિમ મધ્ય રેલવે દ્વારા વિકસિત બેટરી સંચાલિત ડ્યુઅલ–મોડ લોકોમોટિવ છે. નવદૂત એ ડ્યુઅલ મોડનું લોકોમોટિવ છે જેનો અર્થ એ છે કે બેટરી અને વીજળી બંને મોડ પર ચાલે છે. તે 30 કિમી પ્રતિ કલાકની ઝડપે 18 કોચ ખેંચી શકે છે. તેમા 84 બેટરી છે અને હાલમાં 400 ટન વજન ખેંચી શકે છે. હાલમાં જબલપુર, મુદ્રારા અને અન્ય સ્ટેશનો પર ટ્રેનોના શંટીંગ માટે ટ્રાયલ ધોરણે તેનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. નવદૂત લોકોમોટીવને રેલવે બોર્ડ તરફથી બેસ્ટ ઈનોવેશન એવોર્ડ મળ્યો છે. નવદૂત લોકોમોટીવનો ઉપયોગ કરીને ભારતીય રેલવે દરરોજ 100 લીટર ડીઝલ બચાવી શકે છે આમ તે ભારતીય રેલવેને ટકાઉ અને ખર્ચ અસરકારક બનવાના પ્રયત્નોમાં મદદ કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **કેન્દ્રીય પુરાતત્ત્વ સલાહકાર બોર્ડ**

તાજેતરમાં સરકારે કેન્દ્રીય પુરાતત્ત્વ સલાહકાર બોર્ડ અથવા આર્કિયોલોજિકલ એડવાઈઝરી બોર્ડ (CABA)ની પુનઃરચના કરી છે. તેની રચના ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ (ASI) અને પુરાતત્ત્વીય સંશોધનના ક્ષેત્રમાં સંપર્કોને મજબૂત કરવા માટે કરવામાં આવી છે. બોર્ડમાં ભારત સરકાર દ્વારા નામાંકિત પાંચ વ્યક્તિઓ તેમજ ભૂતપૂર્વ ASI મહાનિર્દેશકનો સમાવેશ થશે. બોર્ડ વર્ષમાં એકવાર બેઠક કરશે અને સભ્યો દ્વારા ઉલ્લેખિત 'પુરાતત્ત્વીય બાબતો' પર કેન્દ્રને સલાહ આપશે. તે પુરાતત્ત્વીય સંશોધન કરતી ભારતીય યુનિવર્સિટીઓ અને ભારતીય સર્વેક્ષણ વચ્ચે જોડાણને પ્રોત્સાહન આપશે. આ ઉપરાંત તે ભવિષ્યના પુરાતત્ત્વવિદોને પણ તાલીમ આપશે.

➤ **માયા પિટ વાઈપર**

તાજેતરમાં મેઘાલયના રી–ભોઈ જિલ્લામાં આવેલા ઉમરોઈ મિલિટરી સ્ટેશન ખાતે ત્રિમેરેસુસ્માયા અથવા માયા પિટ વાઈપર નામની નવી ઝેરીલા લીલા સાપની પ્રજાતિ જોવા મળી હતી. આ સાપની લંબાઈ લગભગ 750 મીમી છે. તે દેખાવમાં પોપના પિટ વાઈપર જેવું જ છે, પરંતુ તેની આંખનો રંગ અલગ છે.

➤ **કોટોન કાઉન્સિલ ઓફ ઇન્ડિયાની સ્થાપના કરવામાં આવી**

કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં કોટોન કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની સ્થાપના કરવામાં આવી છે. કેન્દ્રીય કાપડ મંત્રાલયના જણાવ્યા અનુસાર આ કાઉન્સિલનો ઉદ્દેશ કપાસ અને યાર્નના ભાવને લગતા મુદ્દાઓને ઉકેલવાનો અને આ ક્ષેત્રમાં નોંધપાત્ર સુધારા લાવવાનો છે. કોટન કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના પ્રમુખ તરીકે શ્રી સુરેશભાઈ કોટકની નિમણૂક કરવામાં આવી છે. કોટન કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની સ્થાપના કરવાનો નિર્ણય કોટન સેક્ટરના હિતધારકો સાથેની બેઠકમાં લેવામાં આવ્યો હતો.

➤ **CPWD દ્વારા દિવ્યાંગો માટે 4% આરક્ષણની મંજૂરી**

તાજેતરમાં સેન્ટ્રલ પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ (CPWD)એ વિકલાંગ વ્યક્તિઓ માટે જુનિયર એન્જિનિયર (સિવિલ–ઈલેક્ટ્રિકલ)ની 4% જગ્યાઓ ઓળખવાની પ્રક્રિયા શરૂ કરી છે, આ જોગવાઈ વિકલાંગ વ્યક્તિઓના અધિકાર અધિનિયમ, 2016 (RPwD Act) દ્વારા કરવામાં આવી છે. સેન્ટ્રલ પબ્લિક વર્ક્સ એજન્સીએ તેની પ્રાદેશિક કચેરીઓને 4% પોસ્ટ અને જગ્યાઓ ઓળખવા કહ્યું છે જ્યાં વિકલાંગ વ્યક્તિઓની નિયુક્તિ કરી શકાય. CPWDએ પ્રાદેશિક કેન્દ્રોને PWDs માટે 'વાજબી આવાસ' બનાવવા માટે પણ નિર્દેશ આપ્યો છે. નોંધનીય છે કે કેન્દ્રીય જાહેર બાંધકામ વિભાગ (CPWD) જુલાઈ 1854માં અસ્તિત્વમાં આવ્યું જ્યારે લોર્ડ ડેલહાઉસીએ જાહેર કાર્યોના અમલીકરણ માટે કેન્દ્રીય એજન્સીની સ્થાપના કરી અને અજમેર પ્રાંતીય વિભાગનો પાયો નાખ્યો હતો. તે છેલ્લા 164 વર્ષથી દેશની સેવા કરી રહી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➢ **આભા મોબાઈલ એપ્લિકેશન**

નેશનલ હેલ્થ ઓથોરિટીએ હેલ્થ રેકોર્ડ રાખવા માટે આયુષ્માન ભારત હેલ્થ એકાઉન્ટ એટલે કે આભા મોબાઈલ એપ લોન્ચ કરી છે. સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું છે કે આભા એપ નેશનલ ડિજિટલ હેલ્થ મિશન હેઠળ હેલ્થ રેકોર્ડ એપનું નવું વર્ઝન છે આ એપ્લિકેશનમાં ઉપલબ્ધ સુવિધાઓ દ્વારા વ્યક્તિ કોઈપણ સમયે અને ગમે ત્યાં તેના સ્વાસ્થ્ય રેકોર્ડની માહિતીને એક્સેસ કરી શકે છે. આ એપ્લિકેશનમાં નવી પ્રાયોગિક સુવિધાઓ પણ છે જેમ કે પ્રોફાઈલ સંપાદિત કરવી, આભા નંબર (14 અંક)ને આભા સરનામા સાથે લિંક કરવું વગેરે.

➢ **વિશ્વ મહિલા બોક્સિંગ ચેમ્પિયનશિપ**

ભારતીય બોક્સર સુશ્રી નિખત ઝરીન ઈસ્તાંબુલમાં વર્લ્ડ વુમન ચેમ્પિયનશિપ 2022માં 52 કિગ્રા કેટેગરીમાં થાઈલેન્ડના ઓલિમ્પિયન જુતામાસ જિતપોંગને 5-0 થી હરાવીને વિશ્વ ખિતાબ જીતનારી પાંચમી ભારતીય મહિલા બન્યા હતા. આ ઉપરાંત મનિષા મૌન અને પરવીન હુડ્ડાએ પણ અનુક્રમે અલગ–અલગ કેટેગરીમાં 57 કિગ્રા તથા 63 કિગ્રામાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. વિશ્વ ચેમ્પિયનશિપમાં મેડલ ટેલીમાં ભારત રશિયા (60) અને ચીન (50) પછી ત્રીજા ક્રમે છે. વિશ્વ ચેમ્પિયનશિપની 12મી આવૃત્તિમાં ભારતે 39 મેડલ જીત્યા છે. વિશ્વ બોક્સિંગ ચેમ્પિયનશિપ એ ઈન્ટરનેશનલ બોક્સિંગ એસોસિએશન (IBA) દ્વારા આયોજિત એક બોક્સિંગ સ્પર્ધા છે.

➢ **ભારત-કેનેડા વિજ્ઞાન અને ટેકનોલોજી સહકાર**

તાજેતરમાં 7મી ઈન્ડિયા–કેનેડા સાયન્સ એન્ડ ટેકનોલોજી કમિટી (JSTCC)ની બેઠકમાં બે MoUનું નવીનીકરણ કરવામાં આવ્યું હતું. 2005ના વૈજ્ઞાનિક અને તકનીકી સહકાર કરાર હેઠળ ભારતીય વિજ્ઞાન અને તકનીકી મંત્રાલયે કેનેડાની નેચરલ સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ રિસર્ચ કાઉન્સિલ (NSERC) અને નેશનલ રિસર્ચ કાઉન્સિલ ઓફ કેનેડા (NRC) સાથે MoU પર હસ્તાક્ષર કર્યા હતા. સહકારના મુખ્ય ક્ષેત્રોમાં ક્વોન્ટમ કમ્પ્યૂટિંગ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને સાયબર–ફિઝિકલ સિસ્ટમનો સમાવેશ થાય છે.

## વિશ્વ

➢ **Endurance Mission : NASA**

નાસાના એન્ડ્યુરન્સ મિશનને લઈ જતુ રોકેટ તાજેતરમાં લોન્ચ કરવામાં આવ્યું હતું. આ મિશનનો ઉદ્દેશ એ શોધવાનો છે કે શા માટે પૃથ્વી ગ્રહ જીવનને ટેકો આપે છે, જ્યારે અન્ય ગ્રહો જેમ કે મંગળ અને શુક્ર પર નથી. પૃથ્વી જેવો ભીનો ગ્રહ જીવનના અસ્તિત્વ માટે યોગ્ય છે શુક્ર એક સમયે પાણી યુક્ત ગ્રહ હતો પરંતુ પાછળથી આજ્ઞાત કારણોસર સુકાઈ ગયો. જો આપણે સમજીએ કે શુક્ર શા માટે સુકાઈ ગયો તો રહેવા માટે યોગ્ય ગ્રહો વિશે આપણુ જ્ઞાન વધશે. આ મિશન હેઠળ પૃથ્વીની વૈશ્વિક ઈલેક્ટ્રિક સંભવિતતા માપવામાં આવશે. પૃથ્વીની આ વિદ્યુત ક્ષમતા ખૂબ નબળી હોવાનું માનવામાં આવે છે અને તેથી તે જીવનને ટેકો આપી શકે છે. નોંધનીય છે કે વર્ષ 2016માં યુરોપિયન સ્પેસ એજન્સીના વિનસ એક્સપ્રેસ મિશનએ શુક્રની આસપાસ 10 વોલ્ટની ઈલેક્ટ્રિક સંભવિતતા શોધી કાઢી હતી.

➤ **ચંદ્રની માટી પર પ્રથમ વખત છોડ ઉગાડવામાં આવ્યા**

તાજેતરમાં પ્રથમ વખત ફ્લોરિડા યુનિવર્સિટીના અમેરિકન સંશોધકોએ ચંદ્રની માટી પર છોડ ઉગાડયા છે. જે પૃથ્વી પર લાવવામાં આવી હતી. એપોલો મિશન 11, 12 અને 17મા અવકાશયાત્રીઓ લગભગ 50 વર્ષ પહેલા ચંદ્રમાંથી પૃથ્વી પર માટી લાવ્યા હતા. ચંદ્રની માટીને રેગોલિથ પણ કહેવામાં આવે છે. અરેબિડોપ્સિ થલિયાના નામના છોડની જાતિ ચંદ્રની માટીમાં ઉગાડવામાં આવી હતી. ચંદ્રની માટીમાં વાવેલા તમામ બીજ અંકુરિત થયા છે. અરેબીડોપ્સિસ થલિયાના છોડ યુરેશિયા અને આફ્રિકામાં જોવા મળે છે. તે બ્રોકોલી, કોબીજ વગેરે શાકભાજી જેવું જ છે.

➤ **ઈન્ડો-પેસિફિક ઈકોનોમિક ફ્રેમવર્ક (IPEF)**

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને 'ઈન્ડો–પેસિફિક ઈકોનોમિક ફ્રેમવર્ક ફોર પ્રોસ્પેરિટી' (IPEF) પહેલ શરૂ કરી છે. હાલમાં અમેરિકા સિવાય તેમાં 12 અન્ય દેશોનો સમાવેશ થાય છે. આ 12 દેશોમાં ભારત, ઓસ્ટ્રેલિયા, જાપાન, બ્રુનેઈ, ઈન્ડોનેશિયા, દક્ષિણ કોરિયા, મલેશિયા, ન્યુઝિલેન્ડ, ફિલિપાઈન્સ, સિંગાપોર, થાઈલેન્ડ અને વિયેતનામનો સમાવેશ થાય છે. IPEFનો ઉદ્દેશ્ય આગામી દાયકાઓમાં ઈન્ડો–પેસિફિક ક્ષેત્રમાં ટેકનોલોજી ઈનોવેશન અને વૈશ્વિક અર્થતંત્ર માટે સંબંધોને મજબૂત કરવાનો છે. તે અમેરિકા અને ઈન્ડો–પેસિફિકમાં એક મજબૂત અને વધુ સ્થિતિસ્થાપક અર્થતંત્ર બનાવશે. આ દેશો સાથે મળીને 21મી સદીની અર્થવ્યવસ્થા માટે નવા નિયમો બનાવી રહ્યા છે, જેના કારણે તેમની પોતાની અર્થવ્યવસ્થાનો વિકાસ ઝડપી ગતીએ થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **Timeએ 100 સૌથી પ્રભાવશાળી લોકોની યાદી બહારપાડી**

ભારતીય બિઝનેસ ટાયફૂન ગૌતમ અદાણી, સુપ્રીમ કોર્ટના વકીલ કરુણા નંદી અને કાશ્મીરી માનવાધિકાર કાર્યકર્તા ખુર્રમ પરવેઝને 'Time : 100 મોસ્ટ ઈન્ફ્લુએન્શિયલ પીપલ ઓફ ધ વર્લ્ડ 2022'માં દર્શાવવામાં આવ્યા છે. સુશ્રી કરુણા નંદી ભારતની સુપ્રીમ કોર્ટમાં વકીલ છે તેઓ મહિલા અધિકારો માટે લડી રહ્યા છે. શ્રી ખુર્રમ પરવેઝ Asian Federation Against Involuntary Disappearances ના પ્રમુખ છે.

## ICE ? Questions

- ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ............ના રામકથા ગ્રાઉન્ડ ખાતેથી 'રાષ્ટ્રીય મેંગો મહોત્સવ 2022'નું ઉદ્દઘાટન કર્યુ હતું. – ગાંધીનગર
- તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અંબાજીની ઉમરગામ સુધીના સમગ્ર આદિજાતિ બેલ્ટના વનબંધુઓને રૂ. 20 કરોડના 42 લાખ વાંસના વિનામૂલ્યે વિતરણનો .............થી પ્રારંભ કરાવ્યો હતો. – ડેડીયાપાડા
- તાજેતરમાં ...........રાજ્યસરકાર અને એનર્જી પોલિસી ઈન્સ્ટિટ્યૂટ યુનિવર્સિટી ઓફ શિકાગો ટ્રસ્ટ ઈન ઈન્ડિયા વચ્ચે એક MoU પર હસ્તાક્ષર થયા હતા. – ગુજરાત
- તાજેતરમાં કઈ સ્પેસ એજન્સીનું એન્ડ્યુરન્સ મિશનને લઈ જતું રોકેટ લોન્ચ કરવામાં આવ્યુ હતું ?– NASA
- તાજેતરમાં ............યુનિવિર્સિટીના સંશોધકોએ ચંદ્રની માટી પર છોડ ઉગાડયા છે. – ફ્લોરિડા (અમેરિકા)
- .......................એ ભારતીય રેલવેના પશ્ચિમ મધ્ય રેલવે દ્વારા વિકસિત બેટરી સંચાલિત ડ્યુઅલ–મોડ લોકોમોટિવ છે. – નવદૂત
- તાજેતરમાં કયા રાજ્યના રી–ભોઈ જિલ્લામાં આવેલા ઉમેરાઈ મિલિટરી સ્ટેશન ખાતે માયા પિટ વાઈપર નામની નવી ઝેરીલા લીલા સાપની પ્રજાતિ જોવા મળી હતી ? – મેઘાલય
- તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા કપાસ અને યાર્નના ભાવને લગતા મુદ્દાઓને ઉકેલવા અને તેમાં નોંધપાત્ર સુધારો લાવવા માટે શેની સ્થાપના કરવામાં આવી છે ? – કોટોન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા
- તાજેતરમાં અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને 'ઈન્ડો–પેસિફિક ઈકોનોમિક ફ્રેમવર્ક ફોર પ્રોસ્પેરિટી' (IPEF) પહેલ શરૂ કરી છે. હાલમાં અમેરિકા સિવાય તેમાં અન્ય કેટલા દેશનો સમાવેશ થાય છે ? – 12
- CPWD દ્વારા દિવ્યાંગો માટે જૂનિયર એન્જિનયર (સિવિલ–ઈલેક્ટ્રિકલ)ની કેટલા ટકા જગ્યાઓ આરક્ષણ માટે ઓળખવાની પ્રક્રિયા શરૂ કરી છે ? – 4%
- નેશનલ હેલ્થ ઓથોરિટીએ હેલ્થ રેકોર્ડ રાખવા માટે આયુષ્માન ભારત હેલ્થ એકાઉન્ટ એટલે કે.........એપ લોન્ચ કરી છે. – આભા
- સુશ્રી નિખત ઝરીન કઈ રમત સાથે સંકળાયેલા છે ? – બોક્સિંગ
- તાજેતરમાં કેટલામી ઈન્ડિયા–કેનેડા જોઈન્ટ સાયન્સ બેઠકમાં બે MoUનું નવીનીકરણ કરવામાં આવ્યુ હતું ? – 7મી
- તાજેતરમાં ભારતના કયા ત્રણ વ્યક્તિનો Timeના 100 સૌથી પ્રભાવશાળી વ્યક્તિઓની યાદીમાં સમાવેશ થયો છે ? – ગૌતમ અદાણી, કરુણા નંદી, ખુર્રમ પરવેઝ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# Question Of this Week

1. ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા સરકારને 2021-22 માટે સરપ્લસ ટ્રાન્સફર કેટલું છે ? – રૂ. 30,307 કરોડ

(RBI 2021-22 માટે સરકારને સરપ્લસ તરીકે રૂ. 30,307 કરોડ ટ્રાન્સફર કરશે. RBI બોર્ડ દ્વારા તેની બેલેન્સ શીટના 5.50 ટકા પર આકસ્મિક જોખમ બફર જાળવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. માર્ચ 2021ના રોજ પૂરા થયેલા નવ મહિનાના સમયગાળા માટે અગાઉના નાણાકીય વર્ષમાં ટ્રાન્સફર કરાયેલા રૂ. 99,126 કરોડના સરપ્લસ કરતા આ વર્ષનું ટ્રાન્સફર ઓછું છે.)

2. નાણાકીય વર્ષ 2021-22 દરમિયાન ભારતમાં સૌથી વધુ રોકાણકાર કોણ હતું ? – સિંગાપોર

3. વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF)ની વાર્ષિક બેઠક 2022નું આયોજન સ્થળ કયું છે ? – દાવોસ

4. કયા રાજ્યએ 'ઈન્દિરા ગાંધી શહેરી રોજગાર ગેરેંટી યોજના' લાગુ કરી છે ? – રાજસ્થાન

(રાજસ્થાનના મુખ્યમંત્રી શ્રી અશોક ગેહલોતે 2022-23ના રાજ્યના બજેટમાં 'ઈન્દિરા ગાંધી શહેરી રોજગાર ગેરંટી યોજના' શરૂ કરી હતી. આ યોજના વર્ષમાં 100 દિવસ માટે રોજગાર આપશે અને તેના માટે 800 કરોડ રૂપિયાનો ખર્ચ થશે. 18 થી 60 વર્ષની વય જૂથના અને શહેરી સંસ્થાઓની મર્યાદામાં રહેતા તમામ લોકો આ યોજના માટે પાત્ર છે.)

5. વર્લ્ડ હેલ્થ એસેમ્બલીની 75મી આવૃત્તિનું આયોજન સ્થળ કયું છે ? – જીનીવા

6. તાજેતરમાં ભારત અને ..............દેશે ખાતર ક્ષેત્રે સહકાર માટે MoU પર હસ્તાક્ષર કર્યા હતા. – જોર્ડન

7. તાજેતરમાં ..............દ્વારા 'ભારતીય ધાતુ ઉદ્યોગ : વર્તમાન દૃશ્યો અને ભાવિપ્રવાહો' નામની કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. – Assocham

8. તાજેતરમાં આર્મેનિયા અને અઝારબૈજાન વચ્ચે વર્ષોથી વિવાદિત ..........પ્રદેશ પર આર્મેનિયા દ્વારા સંભવિત છૂટનો વિરોધ વધ્યો છે. – નાગોર્નો– કારાબાખ

9. તાજેતરમાં ................માં ભારતીય દૂતાવાસ અને હોંગકોંગ, શાંઘાઈ અને ગુઆંગઝુમાં ભારતના કોન્સ્યુલેટ જનરલે ભારતના સ્વતંત્રતા સંગ્રામના ઈતિહાસની યાદમાં આઝાદી કા અમૃત મહોત્સવનું આયોજન કર્યુ હતું. – ચીનની રાજધાની બેઈજિંગ

(આ પ્રસંગે અવધના છેલ્લા શાસક નવાબ વાજિદ અલી શાહ અને તેમની પત્ની બેગમ હઝરત મહેલના બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની સાથેના 1857ના સંઘર્ષ પર આધારિત 'ધ અવધ ક્વાટ્રેન' નાટક રજૂ કરવા આવ્યું હતું.)

10. કઈ સંસ્થાએ 'ચાઈલ્ડ એલર્ટ' નામનો અહેવાલ બહાર પાડ્યો છે ? – યુનિસેફ

11. બેંકો, NBFCs અને અન્ય નિયમનકારી સંસ્થાઓમાં ગ્રાહક સેવાની ગુણવત્તાનું મૂલ્યાંકન કરવા માટે રચાયેલી RBI સમિતિના વડા કોણ છે ? – બી.પી.કાનુનગો

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

12. 'ગ્લોબલ કોલાબરેશન વિલેજ' કઈ સંસ્થાની નવી પહેલ છે ? – વર્લ્ડ ઈકોનોમિક ફોરમ

13. 'સ્વચ્છ સર્વેક્ષણ - SS- 2023'ની થીમ શું છે ? – વેસ્ટ ટુ વેલ્થ

(કેન્દ્ર સરકારે સ્વચ્છ ભારત મિશન અર્બન 2.0 હેઠળ સ્વચ્છ સર્વેક્ષણ- SS-2023ની 8મી આવૃત્તિ શરૂ કરી છે. સ્વચ્છ સર્વેક્ષણ 2023 'વેસ્ટ ટુ વેલ્થ' થીમ સાથે ડિઝાઈન કરવામાં આવ્યું છે. આ સર્વેક્ષણમાં 3Rના સિદ્ધાંતને પ્રાથમિકતા આપવામાં આવશે– રિડ્યુસ, રિસાયકલ અને રિયુઝ.)

14. વર્ષ 2022માં BRICS સંસ્કૃતિ મંત્રીઓની બેઠકનું આયોજન કયા દેશે કર્યુ હતું ? – ચીન

15. તાજેતરમાં મની સ્પાઈડર દેશમાં પ્રથમ વખત .............ના વાયનાડ વન્યજીવ અભયારણ્યની મુથંગ રેન્જમાં જોવા મળ્યો છે. – કેરળ

16. રાષ્ટ્રીય ઉપલબ્ધી સર્વેક્ષણ (National Achivement Survey- NAS) 2021 મુજબ ભારતમાં કેટલા ટકા શાળાના વિદ્યાર્થીઓ ચાલીને શાળાએ જાય છે ? – 48%

17. રાજ્યની યુનિવર્સિટીઓના વાઈસ ચાન્સેલર તરીકે રાજ્યપાલની જગ્યાએ મુખ્યમંત્રીની નિમણૂક કરવા માટે તાજેતરમાં કયા રાજ્યએ બિલ અપનાવવાનું નક્કી કર્યુ છે ? – પશ્ચિમ બંગાળ

18. કઈ રાજ્ય સરકારે યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવા તાજેતરમાં સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જસ્ટિસ રંજન દેસાઈની આગેવાની હેઠળ ડ્રાફ્ટિંગ કમિટીની રચના કરી હતી ? – ઉત્તરાખંડ

19. ..................માં જોવા મળતા પ્રાચીન વાંદરાની નવી પ્રજાતિનું નામ સેલા મકાક રાખવામાં આવ્યુ છે. – અરૂણાચલ પ્રદેશ

(અરૂણાચલ પ્રદેશમાં જોવા મળતા પ્રાચીન વાંદરાની નવી પ્રજાતિનું નામ સેલા મકાક રાખવામાં આવ્યુ છે. આ નામ સેલા ઘાટ પરથી રાખવામાં આવ્યુ છે. ઝૂઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (ZSI) અને કલકત્તા યુનિવર્સિટીના નિષ્ણાતોની ટીમ દ્વારા તેની ઓળખ કરવામાં આવી હતી.)

20. તાજેતરમાં ..........ના ભદ્રવાહમાં ભારતના પ્રથમ લવંડર ફેસ્ટિવલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યુ હતું. – જમ્મુ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ICE દ્વારા GPSC તથા વર્ગ-૩ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ


































આ પુસ્તકો તમામ અગ્રગણ્ય બુક સ્ટોર તથા અમારી વેબસાઇટ iceonline.in પર ઉપલબ્ધ છે.

# ICE®

## INSTITUTE FOR COMPETITIVE EXAMS

**Website**

iceonline.in

**YouTube**

icerajkot

**WhatsApp**

joinicerajkot.com

**Telegram**

t.me/icerajkotofficial.com

**Instagram**

icerajkot

**Facebook**

icerajkot

**Twitter**

icerajkot

**ICE Magic**

ICE® MAGIC

WEEKLY CURRENT AFFAIRS

Free Download

અમારી સાથે જોડાવા માટે અહીં આપેલ **Social Media Icon** પર **Click** કરો.